# શ્રી પ્રભાવક જિનવાણી

વિ.સં. ૨૦૬૯ • વર્ષ – ૧૩, અંક–૪
મૂલ્ય છૂટક નકલ રૂા. ૪/-

કા. વ. –૨, શુક્રવાર, તા. ૩૦-૧૧-૨૦૧૨
ડિસેંબર – ૨૦૧૨


❋ પ્રવચનકાર ❋

સકલાગમ રહસ્યવેદી, પરમ ગીતાર્થ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના
પટ્ટપ્રભાકર પૂ. સિદ્ધાન્તમહોદધિ સ્વ. પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના
પટ્ટધરરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ પરમ શાસન પ્રભાવક સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

## પોષ સુદ તેરસની કથા

લેખક : **દેવર્ષિ**

### પ્રકરણ ૧૧ : આખરી લડત

**તારાચંદકાકા, પ્રેમચંદકાકા, રતનબા** અને અન્ય સ્વજનો વિ.સં. ૧૯૬૮ની સાલનાં ચાતુર્માસમાં સાવધાન હતા. **ત્રિભુવનને** જેવી લગની લાગી હતી તેમાં જોશ ભરી આપે તેવા મહાત્માઓ દરાપરામાં પધાર્યા હતા. પાદરામાં રોજનાં વ્યાખ્યાનો પણ ચાલુ હતાં. **ત્રિભુવન** ઉપાશ્રયમાં સંથારો કરતો તે ક્રમમાં કશો ફરક પડતો નહોતો. **ત્રિભુવન** ક્યારેય દીક્ષા ન લે – એમ કાકાઓ માનતા. ત્રિભુવન હમણાં દીક્ષા ન લે તેમ બા માનતા. ત્રિભુવન વડીલોના અભિપ્રાયથી અલગ વિચાર બનાવી લે અને દીક્ષા લેવા નીકળી પડે તો શું કરવું આ પ્રશ્ન પરિવારને સતાવતો હતો. તેઓ **ત્રિભુવનની** રીતભાત પર નજર રાખતા હતા. તેમને **ત્રિભુવનની** નિર્લેપતા અકળાવતી હતી. તેમને **ત્રિભુવનનો** કામપૂરતો વહેવાર મૂંઝવી દેતો હતો. સામાન્ય સંસારીજનની જેમ, લાગણીનું આદાન-પ્રદાન કરવાનો કોઈ વહેવાર **ત્રિભુવન** જાળવતો નહીં. તેનું વર્તન એમ સાબિત કરતું કે 'એ દીક્ષા લેવા માટે તૈયાર છે. સ્વજનો સહમત થાય એની પ્રતીક્ષા છે, કેવળ.'

તારાચંદકાકા ઈચ્છતા કે **ત્રિભુવનનો** વહેવાર બદલાય. તેઓ **ત્રિભુવનનો** વૈરાગ્ય સમજી શકતા, સ્વીકારી શકતા નહીં. તેમને **ત્રિભુવન** પાદરાનો શેઠ બને તેમાં રસ હતો. **ત્રિભુવન છોટાલાલ શાહ**નાં નામે લાખોનો કારભાર ચાલતો હોય એ તેમનું સપનું હતું. સંસારી માણસનાં મનમાં જાગે તેવી દરેક કલ્પના તેમનાં હૈયામાં જાગતી **ત્રિભુવન** માટે. **ત્રિભુવન** દ્વારા એ કલ્પના સાકાર થશે તો ખુશી મળશે, તેવી ધારણા બાંધી લીધી હતી. **ત્રિભુવન** એમની કલ્પનાથી વિપરીત વર્તન કરતો, તેઓ અકળાતા. **ફૂલચંદમામાની** પણ આ જ હાલત હતી. **ત્રિભુવનને** તેઓ અત્યંત પ્રેમ કરતાં. શિયાળાની મોસમમાં **ત્રિભુવન** મામાનાં ઘરે રહેવા જતો. નાનો હતો ત્યારે એ લખોટીઓ રમવા જતો. સો-બસો લખોટી




ફોન : ૨૩૪૨ ૭૦૬૧-ઓ. માનદ્ સંપાદક : શાહ દિલીપ હરગોવિંદદાસ ઘીવાળા ફોન : ૨૩૮૬ ૬૮૧૨ (ઘર)
કાર્યાલય : શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ, ૫૯, બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧૮૫, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
E-mail : jinwani@yahoo.co.in

જીતીને જ એ ઘરે આવતો. **સમરથમા** જીવતા હોય તો **સબુડાને** માટે શું શું કરે, તેની કલ્પના મામા કરતા, એ કલ્પના મુજબ **ત્રિભુવનને** લાડ લડાવતાં. **પાર્વતીમાસી** અને **ચંચળમાસી** પણ ખંભાતમાં રહેતા. **સબુડો** શિયાળુપાકથી દૂર ભાગે. **ખંભાતમાં** તેને પરાણે એવી મીઠાઈઓ ખાવી પડે. મેથીપાક, ગુંદરપાક એવું બધું શિયાળામાં ખાઈએ તો શરીરનો બાંધો મજબૂત થાય, મામા કહેતા. **સબુડાનું** મામા સામે કાંઈ ન ચાલતું. મામા **સબુડાને** નવાં નવાં કપડાં સીવડાવી આપે. તેમની દહેવાણમાં કપડાની દુકાન હતી તે હવે **ખંભાતમાં** ચાલતી હતી. **પાર્વતીમાસી** અને **ચંચળમાસી** તો અદ્દલ **સમરથમા** જેવા જ હતા. **ત્રિભુવનને** બન્ને માસીઓમાં મા-નો અણસાર મળતો. એમના આગ્રહને તે ટાળી શકતો નહીં. પાર્વતીમાસીની દીકરી રેવા **ત્રિભુવનથી** નાની. રેવા જ્યારે ઘોડિયામાં સૂવા જેટલી નાની હતી ત્યારે એક વાંદરો એને ઉપાડીને છાપરે ચડી ગયો હતો. એ વાંદરો ભડકે તો રેવાની હાલત ખરાબ થઈ જાય એવું હતું. એ વખત આઠ-નવ વરસનો **ત્રિભુવન ખંભાતમાં** હતો. તેણે સમયસૂચકતા વાપરી હતી. ટોળે વળેલા લોકોને દૂર હટાવીને તેણે ઘરનાં આંગણે કેળાની લૂમ મૂકી દીધી હતી. ઘરમાં સૌ છૂપાઈ ગયા હતા. વાંદરો, ઘરમાં કોઈ નથી એમ સમજીને નીચે ઉતર્યો હતો. **રેવાને** બાજુમાં મૂકીને તેણે કેળાની લૂમ પર ઝાપટ મારી હતી. તે જ વખતે **ત્રિભુવને રેવાને** ઉઠાવી લીધી હતી અને તે ઓરડામાં આવી ગયો હતો. **રેવાને** બચાવવાનો કિસ્સો પાદરામાં અને **ખંભાતમાં** દિવસો સુધી ચર્ચાયો હતો, લાડકો **સબુડો** સૌનો વધારે વહાલો થઈ ગયો હતો. **ત્રિભુવન** દીક્ષાની વાત પડતી મૂકે તે માટે મામા પણ પ્રયત્ન કરતા. દીક્ષા લેવા જેવી નથી એમ તો **ત્રિભુવન** સમક્ષ બોલાય જ નહીં. **ત્રિભુવનને** મામા અલગ રીતે સમજાવતા.

'તું દીક્ષા લે એની ના નથી.' મામાએ એકવાર કહ્યું હતું. 'પણ એક શરત છે, તું માનીશ ?'

'શું શરત છે ?' **ત્રિભુવને** તરત પૂછ્યું હતું.

'તારા માટે સીવડાવેલાં કપડાં ફાટી ન જાય ત્યાં સુધી દીક્ષા નહી લેવાની.' મામાએ કહ્યું.

નાનકડો **સબુડો** મામાની વાત સાંભળીને ઘરમાંથી કાતર શોધી લાવ્યો. પોતાના કપડાનો ઢગલો કરીને એક એક કપડાં પર તે કાતર ચલાવવા બેઠો.

'આ શું કરે છે ?' મામાએ પૂછ્યું.

'તમે કહ્યું તેનો અમલ કરું છું. તમે કપડાં ફાટી ન જાય ત્યાં સુધી દીક્ષા ન લેવાની વાત કરી ને ? હું હમણાં જ કાતરથી બધાં કપડાં ફાડી નાંખું છું. કપડાં ફાટી જાય પછી તો દીક્ષા પાક્કી ને ?' **ત્રિભુવન** બોલ્યો હતો. મામા પાસે આનો કોઈ જવાબ નહોતો. આ વાતને સમય થયો.

અત્યારે તો **ત્રિભુવન** મોટો થઈ ગયો હતો. હવે તેને શી રીતે સમજાવવો તે પ્રશ્ન રહેતો હતો. **તારાચંદકાકાએ** મુંબઈ સમાચારમાં એક જાહેરાત છપાવી. તેમાં લખ્યું હતું - 'મારા ભત્રીજાનો દીકરો **ત્રિભુવન** વયમાં સગીર હોઈ તેને કોઈએ દીક્ષા આપવી નહી. જો કોઈ છૂપી રીતે દીક્ષા આપશે તો તેની સામે યોગ્ય પગલાં લેવામાં આવશે.'

આ જાહેરાત વાંચીને કોઈએ **ત્રિભુવનને** પૂછ્યુંઃ 'હવે તને કોણ દીક્ષા આપશે ?'

'હું જાતે જ દીક્ષા લઈ લઉં તો કોની સામે પગલાં લેશે ?' **ત્રિભુવને** સોય ઝાટકીને કહી દીધું.

વડોદરાથી **'સયાજીવિજય'** અખબાર નીકળતું તેમાં **ફૂલચંદમામાએ** જાહેરાત છપાવી કે 'જે કોઈ **ત્રિભુવનને** દીક્ષા આપશે તે રાજ્યનો ગુનેગાર ઠરશે.'

**ત્રિભુવન** પર એની કોઈ અસર ના થઈ. અલબત્, બે છાપામાં જાહેરાતો આવી તેને લીધે **ત્રિભુવનનું** નામ અને તેની દીક્ષાની ભાવના ચર્ચામાં આવેલ.

પૂ. આ. ભ. **શ્રી વિજય કમલસૂરીશ્વરજી મ.** એ ત્રિભુવનની પાત્રતા પર પોતાની મહોર લગાવી હતી. તેઓ વડોદરા ચાતુર્માસ હતા તે વખતે **ત્રિભુવન** તેમની પાસે અવારનવાર જતો, બેસતો, ઉપાશ્રયમાં બેસીને સ્વાધ્યાય કરતો. એ જમાનામાં ગાયકવાડી મહારાજાઓની દશેરાની શોભા યાત્રા જોવા લાયક ગણાતી. દશેરાના દિવસે ત્રિભુવન ઉપાશ્રયમાં હતો. દશેરાનું મોટું સરઘસ ઉપાશ્રયની પાસેથીજ નીકળ્યું. ઉપાશ્રયમાં બિરાજમાન મહાત્માઓએ બારીમાંથી એ સરઘસ જોયું. **ત્રિભુવને** ન જોયું. સરઘસ પસાર થઈ ગયા બાદ સૂરિભગવંતે મહાત્માઓને ઠપકો આપીને કહ્યું હતું કે 'આ **ત્રિભુવન** સરઘસ જોયા વગર બેઠો રહ્યો, તમે સાધુ થઈને જોયા વગર ન રહી શક્યા ?' તે દિવસે સૂરિભગવંતે **ત્રિભુવનની** દીક્ષા માટે પોતાની અનુમતિ જાહેર કરી દીધી. **તારાચંદકાકાને** આ પ્રસંગની ખબર પડી ત્યારે તેમને પણ મનોમન કબૂલવું પડ્યું કે 'ત્રિભુવન દીક્ષા લેવા માટે જ સરજાયો છે.'

**મોહનલાલ વકીલ** સંઘનો વહીવટ સંભાળતા. ઉપાશ્રયમાં પધારતા સાધુભગવંતોની નાની મોટી પ્રવૃત્તિઓથી વાકેફ રહેતા. તેઓ **ત્રિભુવન** સાથે આ અંગે ચર્ચા પણ કરતા. ઉપાશ્રયમાં આવેલ મહાત્માઓનું વર્તન ઉચિત ન જણાય તો મોહનલાલ વકીલ **ત્રિભુવનને** જણાવી દેતા. **ત્રિભુવન** વિવેકપૂર્વક અને નમ્રતા સાથે તે મહાત્માને વિહાર કરવાનું જણાવી દેતો. **ત્રિભુવન** તે તે મહાત્માઓની ભક્તિ સરસ કરતો તેને લીધે મહાત્માઓ **ત્રિભુવનની** વિનંતી સ્વીકારી લેતા. વકીલ એવું માનતા કે **ત્રિભુવને** દીક્ષા ન લેવી જોઈએ. ત્રિભુવન હાજરજવાબી હતો એટલે એને કાંઈ કહેવું એ સહેલું નહોતું. વકીલે **ત્રિભુવનને** સમજાવવા માટે મેજિસ્ટ્રેટ **નાનાભાઈ પેસ્તનજી** નવસારીવાળા સાથે તેની મુલાકાત ગોઠવી. તેઓ જજ હતા, સ્પષ્ટવક્તા હતા. તેમણે **ત્રિભુવનને** સમજાવવાની કોશિશ કરી. **ત્રિભુવને** તેમને જવાબ આપીને ચૂપ કરી દીધા. આખો સંવાદ આ મુજબ થયો હતો.

'ધર્મ કરવા માટે ઘરપરિવાર છોડવાની શું જરૂર છે ? ઘરમાં બેસીને ધર્મ નથી થતો ?' **જજસાહેબે** કહ્યું.

'આપ આટલાં વરસથી ઘરમાં જ રહો છો. ઘરમાં રહીને આપ કેટલો ધર્મ કરો છો ?' ત્રિભુવને પૂછ્યું.

'આટલી નાની ઉંમરમાં દીક્ષા શું કામ લે છે ? મોટો થઈ જાય પછી દીક્ષા લેજે.' **જજ સાહેબે** કહ્યું.

'તમારી ઉંમર મોટી થઈ ગઈ છે, તમે દીક્ષા કેમ નથી લેતા ?' **ત્રિભુવને** ફરી કહ્યું હતું. **ત્રિભુવન** જડબાતોડ જવાબ આપતો તેનાથી **જજસાહેબ** સ્તબ્ધ થઈ ગયા હતા.

'આ દુનિયાની કોઈ તાકાત આ કિશોરને દીક્ષા લેતાં રોકી શકશે નહી.' તેમણે જાહેર કર્યું. **જજસાહેબ** પણ **ત્રિભુવનને** સમજાવી ન શક્યા એ વકીલ માટે અચરજની વાત હતી. તેમણે **ત્રિભુવને** કોની પાસે દીક્ષા લેવી જોઈએ તેમાં ચંચુપાત કર્યો અને **ત્રિભુવનને** એક મહાત્માનું નામ આપીને જણાવ્યું કે 'તું આમની પાસે દીક્ષા લે તો હું તને બધી રીતે સહયોગ આપીશ.' **ત્રિભુવને** એ મહાત્મા પાસે દીક્ષા લેવાની ના કહી દીધી હતી.

વિ.સં. ૧૯૬૮નું ચાતુર્માસ પૂર્ણ થયું. વિ.સં. ૧૯૬૯ની કાર્તિકપૂનમ બાદ, દરાપરામાં બિરાજમાન **પૂ. પંન્યાસ શ્રી નીતિવિજયજી મ.** પાસે, **શ્રી ઉજમસી માસ્તરે** દીક્ષા લીધી. તેમની દીક્ષા જોઈને **ત્રિભુવનનાં** અંતરમાં અનેરું સ્પંદન જાગ્યું.

'મારું પરિવર્તન આ મુજબ થશે ?'

'મારાં પરિવર્તન માટે મારો પુરુષાર્થ કેવો છે ?'

'મારી દીક્ષા થઈ શકશે ?'

'**ઉજમસી સર** ફાવી ગયા, હું રહી ગયો. મારી દીક્ષા ક્યારે થશે ?'

**ત્રિભુવન** પોતાને પ્રશ્ન પૂછતો ગયો. દીક્ષા પ્રસંગ જોઈને, મારી દીક્ષા કેમ ન થઈ ? આવો પ્રશ્ન જે અનુભવતો નથી તે જૈન નથી. **ત્રિભુવન** દીક્ષા લેવા ઉત્સુક હતો. **ઉજમસી માસ્તરની** દીક્ષાએ તેના દીવામાં ઘી પૂર્યું. તેણે **પૂ. પં. શ્રીદાનવિજયજી મ.** ને દીક્ષા લેવાની ભાવના સ્પષ્ટ રીતે જણાવી દીધી. **પૂ. પંન્યાસભગવંતે** તેને ધીરજ રાખવા જણાવ્યું. ચાતુર્માસબાદ પૂ. આ. ભ. **શ્રીમદ્ વિજય કમલસૂરીશ્વરજી મ. પાદરા** પધાર્યા. **પાદરા** શ્રી સંઘના મોભીઓ અને આરાધકો સૂરિભગવંત સમક્ષ ઉપસ્થિત થયા. શ્રી સંઘે સૂરિભગવંતને વિનંતી કરી: **'અમારા સંઘની અનુમતિ વિના ત્રિભુવને દીક્ષા લેવાની નથી, આપ આ અંગે પૂ. પં. શ્રી દાનવિજયજી મ. ને ભલામણ કરો એવી અમારી ભાવના છે.'**

**રતનબા, તારાચંદકાકા** અને શેષ પરિવારજનો **ત્રિભુવનને** સમજાવી સમજાવીને થાક્યા હતા પરંતુ **ત્રિભુવને** દીક્ષા લેવાની હઠ છોડી નહોતી. સંઘના અગ્રણીઓ નહોતા ઈચ્છતા કે **રતનબા, તારાચંદકાકા** જેવા વડીલોની ઈચ્છા વિરુદ્ધ **ત્રિભુવન** દીક્ષા લે. આ રીતની વિનંતી એક અજીબ ઘટના હતી. **ત્રિભુવનને** શ્રીસંઘ માટે અઢળક આદર હતો. શ્રીસંઘ શું કામ તેની દીક્ષામાં વચ્ચે આવ્યો તે એને ન સમજાયું. હકીકત એ હતી કે **ત્રિભુવન** ગુપ્ત રીતે દીક્ષા લઈ લેશે એવો શક અનેક લોકોને થઈ ચૂક્યો હતો. **ત્રિભુવન** પરિવારને અંધારામાં રાખીને દીક્ષા ન લઈ શકે તેવું સંઘનું માનવું હતું. **ત્રિભુવને** પોતાની ગરિમા બનાવી હતી તેને ગુપ્તદીક્ષાને લીધે ધક્કો પહોંચશે તેમ સંઘનો એક વર્ગ માનતો હતો. **મોહનલાલ વકીલ** જેવા મુરબ્બીઓ આ વિનંતી કરવામાં સામેલ હતા તે સમજી શકાતું હતું. આ વિનંતીનું પરિણામ એ આવ્યું કે **ત્રિભુવન** દીક્ષા લેવા બાબતે પાદરામાં એકલો પડી ગયો. પાદરા શ્રીસંઘનું એકપણ ઘર **ત્રિભુવનને** દીક્ષામાં સહયોગ નહી આપે તે સ્પષ્ટ થઈ ગયું. આ જેવી તેવી વાત નહોતી. સામાન્ય આરાધકવર્ગમાં પણ આ પ્રકારની વિનંતીથી સન્નાટો છવાઈ ગયો. **ત્રિભુવન** એમ કાંઈ ડરી જાય તેવો નહોતો. તે પણ પોતાની રીતે ગોઠવણ કરી રહ્યો હતો. **પાદરામાં પૂ. સૂરિભગવંતનાં** પ્રવચનોએ આકર્ષણ જમાવ્યું હતું. માગસર માસ પૂરો થયો. પોષ માસનો પ્રારંભ થયો.

**ત્રિભુવને** છેલ્લા દાયકાઓમાં થયેલી દીક્ષાઓના પ્રસંગો સાંભળ્યા હતા. દીક્ષા લેવા માટે જેમને સંઘર્ષ કરવો પડ્યો હતો તેમને **ત્રિભુવન** યાદ કરતો રહ્યો.

- **પૂ. પંન્યાસશ્રી સિદ્ધિવિજયજી મ.** (બાપજી મહારાજનું નામ તે વખતે પ્રભાવક પ્રવચનકાર તરીકે પ્રસિદ્ધ હતું.) તેમને દીક્ષા લેવા માટે કપરો સંઘર્ષ કરવો પડ્યો હતો.
- **પૂ. પંન્યાસશ્રી આનંદસાગરજી મ.** (સાગરજી મહારાજ)નું નામ તે સમયે આગમોદ્ધારક તરીકે મશહૂર બની ચૂક્યું હતું. તેમને દીક્ષા લેવા માટે ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો.
- **પૂ. આ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ.** નું નામ તે જમાનામાં શાસન સમ્રાટ તરીકે પ્રચલિત બની ચૂક્યું હતું. તેમને દીક્ષા લેવા માટે વિપરીત સંયોગોનો સામનો કરવો પડ્યો હતો.
- **પૂ. ઉપાધ્યાયજી શ્રીવીરવિજયજી મ.** પાસે તો ત્રિભુવન નિયમિત આવતો અને આરાધના કરતો. તેમને પણ દીક્ષા લેવા માટે પુષ્કળ પુરુષાર્થ કરવો પડ્યો હતો.
- દીક્ષાના પ્રેરણાદાતા **પૂ. મુનિરાજશ્રી પ્રેમવિજયજી મ.** એ દીક્ષા માટે ઘણો જ સંઘર્ષ ઉઠાવ્યો હતો.

આ સર્વે મહાપુરુષોએ સ્વજનોનો વિરોધ હોવા છતાં દીક્ષા લીધી હતી. સ્વજનોની સંમતિ ન મળી તો હિંમતપૂર્વક દીક્ષાગ્રહણ કરીને તેઓ સાધક બની ગયા. ખાનગી દીક્ષા લેનારા સાધકોને શ્રીસંઘ આદર આપે જ છે તે જોવા મળતું હતું. **ત્રિભુવને** પણ ખાનગીદીક્ષા લેવાનો નિશ્ચય કરી લીધો. **પાદરામાં ત્રિભુવનની** જેમ બીજા બે તરુણો પણ દીક્ષા માટે ઉત્સુક હતા: **મોતીલાલ અને નાથાલાલ. મોતીલાલ, મોહનલાલ વકીલ**નો ભાણિયો થાય. વકીલે એવું જાહેર કરાવ્યું કે

**'મોતીલાલને** જે દીક્ષા આપશે તેની પર ફોજદારી કેસ થશે ! પરિણામે **મોતીલાલની** દીક્ષા મુલત્વી રહી હતી. **નાથાલાલ** દીક્ષા લેવા તૈયાર હતો. તેની માતા વૃદ્ધ હતી અને એકલી હતી તેને લીધે એનું મન પાછું પડતું હતું. **ઉજમસી માસ્તરે** દીક્ષા લેતા પૂર્વે **ત્રિભુવનને** કહ્યું હતું કે 'દીક્ષા લેવા માટે મોટો માનસિક પુરુષાર્થ કરવો પડશે.' **ત્રિભુવનને** આ શબ્દો યાદ હતા.

'સ્વજનોની લાગણીમાંથી મુક્ત થવું' - આ દીક્ષા લેવાનું પ્રથમ પગથિયું છે. 'સ્વજનોની લાગણીની તીવ્રતા ઓછી કરીને તેમને દીક્ષામાં સહમત કરવા' તે દીક્ષા લેવાનું બીજું પગથિયું છે. બીજું પગથિયું ન સચવાય તો ચાલી શકે છે. પહેલું પગથિયું તો સાચવવું જ જોઈએ. સ્વજનો માટેનો આદરભાવ ઊભો રાખીને તેમના માટેનો વ્યક્તિરાગ છોડી દેવો તે વૈરાગ્યનો એક પ્રમુખ હિસ્સો છે. **ત્રિભુવને** તે કક્ષા આંબી લીધી હતી. સ્વજનોની લાગણી ઘટે અને તેઓ દીક્ષામાં સહમત થાય તેવા કોઈ સંયોગો જણાતા નહોતા. દીક્ષા લેવામાં સ્વજનોની લાગણીની ઉપેક્ષા કરવી પડશે તે વાત પાક્કી હતી.

લગભગ પોષ સુદ આઠમે પૂ. સૂરિભગવંતે ત્રિભુવનને એક સંદેશ આપ્યો. સંદેશ વડોદરાથી આવ્યો હતો. સંદેશનો **મુસદ્દો જંબુસરમાં** લખાયો હતો. **ત્રિભુવને** પાદરાથી ચૂપચાપ નીકળીને **વડોદરા** પહોંચવાનું હતું. તેની દીક્ષાની ભૂમિકા ઘડાઈ ચૂકી હતી. ત્રિભુવને આ સંદેશથી અપાર આનંદ અનુભવ્યો. વરસોથી જેની ઝંખના હતી તે ઘડી નજદીક આવી પહોંચી હતી. તે **પાદરાથી** નીકળે તે પછી જો એનો પીછો થાય તો તે પકડાય નહીં અને દીક્ષાનો દિવસ સચવાઈ જાય તે રીતે નીકળવાનું હતું. તે વહેલો નીકળી પડે અને પકડાઈ જાય તો અનર્થ થઈ જાય.

તે દિવસનું કાર્યચક્ર રોજમુજબ જ ચાલ્યું. રાત્રે તે રોજની જેમ જ ઉપાશ્રયે સૂતો. બીજા દિવસે સવારે તે રોજની માફક ઘરે આવ્યો. બા સાથે વાતો કરી. આ ઘરમાં પોતે એકાદ દિવસ જ રોકાવાનો છે. એની **ત્રિભુવનને** ખબર હતી. તેણે બાને તબિયત અંગે પૂછ્યું.

'હું કડેધડે છું. મને શું થવાનું છે ?' બા હંમેશ મુજબ સ્ફૂર્તિમાં હતા. તેઓ આશ્વસ્ત અને ખુશ હતા તેનાથી **ત્રિભુવનને** સારું લાગ્યું. બપોર પછી તે **તારાચંદકાકાને** મળ્યો. કાકા તેને જોઈને ખુશ થઈ ગયા. કાકા સાથે ઘણી વાતો થઈ. બાની તબિયતની પણ ચર્ચા થઈ. **તારાચંદકાકા રતનબાને** સગી મા જેવો આદર આપતા. **ત્રિભુવને તારાચંદકાકાના** અવાજમાં એ લાગણી અનુભવી. આ લાગણીના ભરોસે જ તે બા-ને છોડીને નીકળી રહ્યો હતો. **ત્રિભુવને** મનોમન **તારાચંદકાકાનો** ઉપકાર માન્યો. **મોહનભાઈ, પરમાણંદ** સાથે **ત્રિભુવને** વાતો કરી. આ લોકોને ક્યાં ખબર હતી કે **ત્રિભુવન** જઈ રહ્યો છે ! **પરમાણંદને તારાચંદકાકા** દીકરો ગણીને સાચવતા. **ત્રિભુવન** માટે તે સંતોષની વાત હતી. **ત્રિભુવન** જાય તે પછી કાકા એકલા પડવાના નહોતા. તે **પ્રેમચંદકાકાને** મળ્યો. તેમની સાથે પણ ઘણી વાતો થઈ. તેમનો દીકરો **રમણ, ત્રિભુવનનો** સમોવડિયો હતો. **ત્રિભુવને** તેની સાથે થોડો સમય વીતાવ્યો. તે **મોહનલાલ વકીલની** ઑફિસે ગયો. **વડોદરામાં નંદલાલ વકીલને** અમુક ફાઈલ્સ પહોંચાડવાની હતી તે લીધી. તે સંબંધી ચર્ચા કરી. **વડોદરા** જવાનું આ બહાનું હતું. કોઈને શક આવે જ નહી કે તે **વડોદરા** શું કામ ગયો હશે ? આ રીતે ફાઈલ્સ લઈને તેને અઠવાડિયે અઠવાડિયે **વડોદરા** જવું જ પડતું. આ કાયમનું હતું. ત્યાંથી નીકળીને તે **નાથાલાલને** મળ્યો. કાલે કેટલા વાગે નીકળવું છે તે પાક્કું કર્યું. ઘરે આવીને **રતનબા, રાયકુંવરબેન અને શકરીબેન** સાથે પુષ્કળ વાર્તાલાપ કર્યો. ઘરમાં કોઈને અંદાજ નહોતો કે **ત્રિભુવન** સાથેની આ છેલ્લી બેઠક છે. એ રીતે **ત્રિભુવન** રોજ મુજબ ઉપાશ્રયમાં જ સૂતો.

# પ્રકરણ ૧૨ : અલવિદા પાદરા

પોષ માસની ઠંડી હતી. વહેલી સવારે ઉઠીને **ત્રિભુવને** પ્રતિક્રમણ કરી લીધું. સામાયિકનાં વસ્ત્રો અને ઉપકરણો, પૂજાનાં વસ્ત્રો અને ઉપકરણો એક થેલીમાં ભરી લીધાં. પૂ. સૂરિભગવંતને વંદન કર્યાં, માંગલિક સાંભળ્યું, વાસક્ષેપ લીધો. નવઘરી જિનાલયમાં પ્રભુદર્શન કર્યા. **શાંતિનાથ દાદા** સમક્ષ પ્રાર્થના કરી. ચોકસી બજારનાં જિનાલયે **શ્રી સંભવનાથ દાદા**નાં દર્શન કર્યા. પ્રભુને પ્રાર્થના કરી. **શ્રી પાર્શ્વનાથ ભગવાન**ની પ્રતિમા સમક્ષ ઊભો રહ્યો. આ પ્રભુની રોજેરોજ અષ્ટપ્રકારી પૂજા કરી હતી. પ્રભુ સમક્ષ ચારિત્રધર્મની યાચના પ્રતિદિન કરી હતી. આજે પ્રભુકૃપાથી એક સંભાવનાનું નિર્માણ થયું હતું. બધું હેમખેમ પાર પડે તેવી પ્રભુને વિનંતી કરી.

ઘરે આવ્યો. બાને મળ્યો. જીંદગીમાં પહેલીવાર બા સાથે ચોરીછૂપીનો વહેવાર કરવાનો હતો. મનમાં ડંખ થઈ રહ્યો હતો. **રતનબા** સમક્ષ તેની બાજીનાં બધાં પત્તાં ખુલ્લાં રહેતા હતા. આજે પહેલી વખત એવું બની રહ્યું હતું કે **'રતનબાને** તેની બાજીની ખબર જ નહોતી.' પોતાનો આ સકારણ અપરાધ **ત્રિભુવનને** ખૂંચતો હતો. એમ કર્યા વગર છૂટકો નહોતો. મનોમન બા-ની માફી માંગી. **ત્રિભુવન અમીન જેઠાભાઈ ખડકી**નાં ઘરેથી નીકળ્યો. બાજુમાં **તારાચંદકાકાનું** ઘર હતું. દરવાજો વાસેલો હતો. કાકાને ભાવપૂર્વક પ્રણામ કરી લીધા. તે સ્ટેશન તરફ ચાલ્યો. **નાથાલાલ** સ્ટેશન પર ભેગો થયો. જંબૂસર કાવીથી બોડેલીના રૂટ પર ચાલતી ટ્રેન **પાદરા** સ્ટેશને અટકતી. કાળા રંગનું એંજીન હંમેશા ભપભપ અવાજ કરતું. ટ્રેઈનના એંજીનની આગળ મોટો તારો, ચાંદીના રંગમાં દોરેલો જોવા મળતો. પાણીની વરાળથી ચાલતા એંજીનનો ધુમાડો સ્ટેશનના છાપરાની ઉપરથી ફેલાતો. એની વાસ જરૂર આવતી. લાલરંગની બોગીમાં ચડવા માટેના દરવાજે ઊભા સળિયા રહેતા. સળિયો પકડીને, પગ ઊંચકીને તે બન્ને બોગીમાં પ્રવેશ્યા. બારી પાસે બેઠા. **ત્રિભુવનને** સ્ટેશન પરના ઘણા લોકો ઓળખતા હતા. **નાથાલાલને** સાથે લીધો હતો એટલે શંકા આવવાની નહોતી. સ્ટેશન માસ્તરે ઘંટ વગાડ્યો. એંજીને ધુમાડો છોડ્યો. ભોંગો વાગ્યો. સ્ટેશન માસ્તરે લીલી ઝંડી દેખાડી. ગાડીને ઝટકો વાગ્યો, એંજીનના પૈડા ગોળ ફર્યા, તેની પાછળ બોગીના પૈડાઓ ફર્યા. ગાડીમાં બેસેલા ઉતારુઓ એ ધક્કો અનુભવ્યો. પળવારમાં ગાડી ચાલુ થઈ. બારીમાંથી પાછળ સરકી રહેલું પાદરા સ્ટેશન દૂર જતું દેખાયું. સ્ટેશન પછીના ખુલ્લા ખેતરો દેખાયાં. પાદરામાં ચાર તળાવ હતાં તેમાનું એક તળાવ સ્ટેશન પાસે હતું. તળાવનું પાણી ધુમ્મસથી ઢંકાયેલું હતું. તળાવ પાછળ ગયું. ગાડીએ વેગ પકડ્યો. **ત્રિભુવન** અને **નાથાલાલ** પાસપાસે બેઠા હતા. બેય પોતપોતાના વિચારોમાં હતા.

**ત્રિભુવને પાદરાને** અલવિદા કહી દીધી હતી. **પાદરા** રહીને તે કેટલું બધું પામ્યો હતો? એનો હિસાબ ન થઈ શકે. છ વરસ સુધી **દહેવાણ** રહ્યો. પછીનો જીવનકાળ **પાદરામાં.** લગભગ અગિયાર વરસ **પાદરામાં** વીત્યા. પાદરામાં પિતાજીએ અંતિમશ્વાસ લીધા ત્યારે તે **દહેવાણ** હતો, મા-એ અંતિમશ્વાસ લીધા ત્યારે તે **વડોદરા** હતો. તેનું દુઃખ સમજીને તેને સંભાળી લેવાવાળા **મહામાતા પાદરામાં** હતા: **રતનબા. પાદરાએ** ત્રિભુવનને **રતનબા** આપ્યા. **રતનબાએ ત્રિભુવનને** જીવન અને જીવનનું લક્ષ્ય સમજાવ્યું, ધર્મ અને ધર્મનાં રહસ્યનો બોધ આપ્યો, સુખદુઃખને જોવાની દૃષ્ટિ આપી. **સમરથમા** સાથેનાં સાત વરસની તુલના **રતનબા** સાથેનાં દસ વરસની સાથે થઈ ન શકે પરંતુ જો સરખામણી કરીએ તો **રતનબા** સાથેનાં વરસોનું વજન વધી જાય. **સમરથમાએ** જે કાંઈ આપ્યું તે **રતનબાએ** પણ આપ્યું અને સમરથમા જે ન આપી શક્યા તે પણ **રતનબાએ** આપ્યું.

આજે **સમરથમા** હાજર હોત તો તેમને દીક્ષા માટે હું સહમત કરી લેત, **ત્રિભુવને** વિચાર્યું. આંખોની તકલીફ ઓછી થતી નહોતી ત્યારે મા દિવ્ય રીતે સપનામાં આવ્યા હતા. આંખ પર હાથ ફેરવીને તેમણે આંખનો રોગ ભૂંસી નાંખ્યો હતો. આજે એ મા દિવ્યરૂપે આશીર્વાદ આપે એવી **ત્રિભુવનને** ઝંખના થતી હતી. મા-નો વહાલભર્યો સ્પર્શ માથાના વાળમાં વસ્યો હતો. મા-ની

આંખોનું અમૃત નજર સામે તરવરતું રહેતું. મા-નો હસતો ચહેરો ક્યારેય ન ભૂલાય. મા-નો અવાજ કેટલો મીઠો હતો? **ત્રિભુવન** યાદ કરતો રહ્યો. મા દીક્ષા પ્રસંગે આશીર્વાદ આપે તો મનોરથ જરૂર સફળ થાય - તેણે વિચાર્યું. દહેવાણનાં છ વરસ અને પાદરાનું એક વરસ યાદ કરતાં કરતાં તેણે પોતાની જાતને પ્રશ્ન કર્યો: મા જીવતી હોય તો આ રીતે દીક્ષા લેવા માટે નીકળી શકે ખરો?

'મા જીવતી હોય તો ત્રિભુવનની સાથે સાથે મા પણ દીક્ષા સ્વીકારવા તૈયાર થઈ જાય.' **પાદરાની** પાળેથી જવાબ વહી આવ્યો.

'**રતનબા** શું વિચારશે?' **ત્રિભુવનને** ચિંતા થઈ. બા વિના તે ધર્માત્મા બની ન શકત તે સમજાતું હતું. બા-એ તેને ધર્મ સમજાવ્યો, ધર્મમાં પ્રગતિ કરાવી અને ધર્મનાં ઊંચા સપનાં જોતો કર્યો. મા-ની વિદાય બછી બા-એ તેને ક્યારેય એકલો રહેવા દીધો નથી. ધર્મની દિશા આપીને **રતનબાએ** તેને માનસિક પ્રસન્નતાનું વિશ્વ આપી દીધું હતું. બા-એ તેને દેવ સાથે, ગુરુ સાથે અને ધર્મ સાથે જોડી દીધો હતો. દેવ દ્વારા સિદ્ધ પદનું લક્ષ્ય, ગુરુ દ્વારા સાધનાનું લક્ષ્ય અને ધર્મ દ્વારા સમાધિનું લક્ષ્ય. આમાં તત્ત્વત્રયીના ત્રણ લક્ષ્યો પર તે કેન્દ્રિત થઈ ગયો. બા તેની આરાધનામાં ઉમેરો કરતા, તેની આરાધનાને વિધિશુદ્ધ બનાવતા. બા તેને અહિંસા, સંયમ અને તપની કેળવણી આપતા. પાણી ગળીને વાપરવું. સંખારો કૂવે નાંખવો, નહાવાનું પાણી ઓછુ વાપરવું અને એ રીતે નહાવું કે ઘડીમાં પાણી સૂકાઈ જાય. દંડાસન, મોરપીંછી, પૂંજણી અને ખેસના છેડાથી, ચરવળાની જેમ જયણા-પ્રમાર્જના સચવાય છે, તેનું પ્રશિક્ષણ બા એ આપેલું. મુહપત્તીના પચાસ બોલ બા થકી આવડ્યા. દેરાસરની દશત્રિકની વિધિ બા એ સમજાવેલી. પ્રતિક્રમણની વિધિ અને વિધિ માટેનો આશય બા પાસે જાણવા મળેલ. બા જેટલો ધર્મ કરાવે તેટલા લાડ પણ કરાવે. ઉનાળામાં રસ-પૂરી-ઢોકળા-ફજેતો-ભાત-કારેલાનું શાક-મગની મોગરદાળ અને પાપડ, આટલાં દ્રવ્ય બા જમાડે જ. ચૌદનિયમમાં ત્રિભુવન કેટલાં દ્રવ્ય વાપરશે તેની સંખ્યા બા નક્કી કરતા, વિગઈનો ત્યાગ કરવો કે નહીં તે બાના હાથમાં રહેતું. બા દાળઢોકળી, ખીચડી-કઢી જેવી સાદી રસોઈમાં પણ જબરો સ્વાદ ભરી દેતા. બનાવે સ્વાદિષ્ટ, પીરસે ગરમગરમ અને હળવેકથી યાદ કરાવે: 'ખાવામાં રાગ કરીએ તો પાપ લાગે. રાગ થાય છે ત્યારે શું વિચાર આવે છે તે જોવાનું શીખ.''

બા-એ સાચા સાધુ અને નકલી સાધુ વચ્ચેનો ફરક સમજાવેલો. બા-એ સાચા સાધુ થવા માટે જે જે સમજણ મેળવવી જોઈએ તે **ત્રિભુવનને** આપી હતી. **ત્રિભુવનને** સુખ છોડવાની પ્રેક્ટિસ પણ કરાવી હતી અને દુઃખ વેઠવાની આદત પણ પાડી હતી. આ જ બા, શિયાળામાં શાલ અને ધાબળો પરાણે ઓઢાડે. વરસાદમાં પાણીથી બચાવે. ઉનાળામાં બપોરે બહાર નીકળવા ન દે. બા ધર્મદાતા હતા. બા પ્રેમમૂર્તિ હતા. તેમના વિનાનો એક દિવસ પણ વીતી ન શકે. **ત્રિભુવનમાં** તેઓ ઓતપ્રોત હતા. **ત્રિભુવન** પણ તેમનામાં ઓતપ્રોત હતો જ. ધીમે ધીમે તે **રતનબાની** મમતામાંથી બહાર આવ્યો હતો. **રતનબાની** બહુ મોટી પરીક્ષા થવાની હતી તે **ત્રિભુવનને** સમજાતું હતું. તેણે બા-ની માફી માંગી.

ટ્રેન ક્રોસીંગ પાસ કરતી ત્યારે જોરથી ભોંગો વાગતો. પાટા ખડખડવાનો અવાજ થતો. સ્ટેશન પસાર કરીને ટ્રેન બાયપાસ થતી તેનો ધડધડ અવાજ અલગ જ રહેતો. **ત્રિભુવનને** કાકા યાદ આવ્યા. **તારાચંદકાકા** અને **પ્રેમચંદ્રકાકાનું** અગાધ વાત્સલ્ય તે પામતો રહ્યો હતો. **તારાચંદકાકાનું** દેદીપ્યમાન વ્યક્તિત્વ આખા કુટુંબ પર છવાયેલું રહેતું. તેમણે **ત્રિભુવનની** દીક્ષા રોકવા તમામ પ્રયત્ન કર્યા હતા. તેમનો અપત્યપ્રેમ જ આમાં કારણભૂત હતો. **તારાચંદકાકા** અને **પ્રેમચંદકાકાને** જ્યારે ખબર પડશે કે તે ભાગી નીકળ્યો છે, તો એમનો પ્રતિભાવ શું હશે? **ત્રિભુવન** તેમને થનારું દુઃખ સંવેદી શકતો હતો. પિતાને જોયા નહોતા. પિતાનો પ્રેમ કેવો હોય તેની વાત સાંભળી હતી. **તારાચંદકાકાને** જોઈને ત્રિભુવનને પિતાજીનું જીવંત અસ્તિત્વ કેવું હશે તેનો અનુભવ થતો. તેમની ઈચ્છા પૂરી ન કરી શકાઈ તેનો એને રંજ તો હતો. એમ કર્યા વિના છૂટકો નહોતો, એ પણ સ્પષ્ટ હતું. તેણે મનોમન કાકાઓને પ્રણામ કર્યા. ખંભાતમાં વસતા નાના, મામા, માસી **ત્રિભુવનને** યાદ આવ્યા. વડોદરામાં રહેતા ફોઈ-ફુઆને તેણે યાદ કર્યા. બધાયનો વિરોધ હતો દીક્ષામાં. બધા નારાજ થવાના હતા. નક્કી હતું. **ત્રિભુવન** પાસે બીજો રસ્તો ક્યાં હતો?

જો દીક્ષા પરિવારજનોની સંમતિપૂર્વક કરવાની હોય અને પરિવારજનો સંમત થઈ જાય તો દીક્ષામાં કેટલાં સ્વજનો ઉપસ્થિત રહે. **ત્રિભુવને** ગણવાનું શરૂ કર્યું.

| | | | |
|---|---|---|---|
| ૧. | રત્નમણિબેન માનચંદ શાહ | (વડદાદી) | પાદરા |
| ૨. | રાયકુંવરબેન શાહ | (મોટી ફોઈ) | પાદરા |
| ૩. | શકરીબેન રવચંદ શાહ | (બહેન) | પાદરા |
| ૪. | તારાચંદ દલીચંદ શાહ | (કાકા) | પાદરા |
| ૫. | પ્રેમચંદ રતનચંદ શાહ | (કાકા) | પાદરા |
| ૬. | રમણલાલ પ્રેમચંદ શાહ | (ભાઈ) | પાદરા |
| ૭. | લાલચંદ ગુલાબચંદ શાહ | (નાના) | ખંભાત |
| ૮. | રાયચંદ ગુલાબચંદ શાહ | (નાના) | ખંભાત |
| ૯. | રૂક્ષ્મણાબેન રાયચંદ શાહ | (નાની) | ખંભાત |
| ૧૦. | અંબાલાલ લાલચંદ કાટવાળા | (માસા) | ખંભાત |
| ૧૧. | પાર્વતીબેન અંબાલાલ કાટવાળા | (માસી) | ખંભાત |
| ૧૨. | નગીનદાસ શાહ | (માસા) | ખંભાત |
| ૧૩. | ચંચળબેન નગીનદાસ શાહ | (માસી) | ખંભાત |
| ૧૪. | મનસુખભાઈ શાહ | (ફુઆ) | વડોદરા |
| ૧૫. | પરસનબેન મનસુખભાઈ શાહ | (ફોઈ) | વડોદરા |
| ૧૬. | રેવા અંબાલાલ કાટવાળા | (માસીયાઈ બેન) | ખંભાત |

આ સિવાય ત્રણ કાકી હતા.

| | | | |
|---|---|---|---|
| ૧૭. | સૂરજબેન નાથાલાલ શાહ | (કાકી) | આમોદ |
| ૧૮. | દીવાળીબેન તારાચંદ શાહ | (કાકી) | પાદરા |
| ૧૯. | દીવાળીબેન પ્રેમચંદ શાહ | (કાકી) | પાદરા |

નાથાલાલકાકા તારચંદભાઈના મોટા ભાઈ. તેઓ દિવંગત થઈ ગયા બાદ, સૂરજબેન અને તારાચંદકાકાને થોડો મતભેદ થયો હતો. સૂરજબેને એ જમાનામાં રૂા. ૧૦૦૦ કાયદાની રૂએ મેળવ્યા હતા અને તેઓ આમોદ રહેવા ચાલી ગયા હતા.

પરિવારની જેમ સાથે રહેતી અન્ય બે વ્યક્તિઓ હતી.

૨૦. મોહનલાલ રાયચંદ વોરા

૨૧. પરમાણંદ મોહનલાલ વોરા

આ બન્ને સૌરાષ્ટ્રના. તારાચંદકાકાની દુકાને સૅટ થઈ ગયા હતા. કાકાનો વિશ્વાસ જીતી લીધો હતો.

**ત્રિભુવને** દહેવાણ, કુરાલ, ઉંદેલ, દરાપરા અને પાદરામાં રહેતાં આત્મીયજનો, કલ્યાણ મિત્રો અને આરાધકોને યાદ કર્યા. સૌની સાથે સરસ સંબંધ હતા. **ત્રિભુવનને** ગુજરાતી શાળાના શિક્ષકો યાદ આવ્યાઃ હેડ માસ્તર **રણછોડરાય, વિશ્વનાથભાઈ, ભૂલાભાઈ, મગનભાઈ, વલ્લભભાઈ** અને **ચુનીલાલભાઈ** આટલા શિક્ષકો હતા. તેમણે **ત્રિભુવનને** અભ્યાસ કરાવ્યો હતો.

પોતાની દીક્ષામાં એકવીસ પરિવાર જનો, અગણિત પરિચિતો અને આરાધકો તેમ જ શાળાના શિક્ષકો ઉપસ્થિત રહે તેવી સંભાવના નહોતી કેમ કે સૌને અંધારામાં રાખીને તે નીકળી પડ્યો હતો. **ત્રિભુવને** સૌને યાદ કર્યા, પ્રણામ કર્યા. તેમના આશીર્વાદ માંગ્યા.

ટ્રેન વડોદરા વિશ્વામિત્રી સ્ટેશન પર અટકી.

*(ક્રમશઃ)*

# શ્રી સંઘનું સ્વરૂપઃ

*[આ વિષયના પ્રથમ ભાગના પ્રવચનો ગતાંકમાં પૂર્ણ થયા છે. બીજા ભાગના પ્રવચનો આવતા અંકથી શરૂ થશે. અહીં આ અંકમાં તે સમયની જૈન સંઘ તથા સમાજની પ્રવર્તમાન પરિસ્થિતિનો વાચકોનો ખ્યાલ આવે તે માટે જરૂરી સાહિત્ય પ્રગટ કરવામાં આવે છે જેના વાંચનથી કેવા વાતાવરણમાં પૂજ્ય પ્રવચનકારશ્રીજીએ આ પ્રવચનો કર્યા હતા તેનો વાસ્તવિક ખ્યાલ વાચકોને આવશે.*

**- સંપાદક**

**શ્રી પ્રભાવક જિનવાણી]**

*[તે સમયે મુંબઈથી પ્રગટ થતાં* **'સાંજવર્તમાન'** *નામના દૈનિકમાં જૈન યુવક સંઘ તરફથી જૈનધર્મ, ધર્માચાર્યો, ધર્મના સિદ્ધાંતો અને ધર્મશાસ્ત્રો વિરોધી પ્રચાર થઈ રહ્યો હતો, જેને લક્ષ્યમાં લઈને ધર્મપ્રાણોની રક્ષા માટે* **પૂજ્ય પ્રવચનકારશ્રીએ** *આ પુસ્તકમાં પ્રગટ થયેલ પ્રવચનો આપ્યાં હતાં. સહેજે સૌ કોઈ વાચકને એ જાણવાની જિજ્ઞાસા થાય કે એ પત્રિકાઓમાં એવું શું લખાણ હતું? આ જિજ્ઞાસાને તૃપ્ત કરવા આ પરિશિષ્ટો મૂક્યાં છે.* **'સાંજ વર્તમાન'***માં પ્રગટ થયેલ પત્રિકાઓનાં ટૂંકાં અવતરણો મૂકી તેનાથી સમાજને સાવધ રહેવા અપીલ રૂપે પ્રકાશિત થયેલ પત્રિકાઓ વગેરેને અહીં રજૂ કરવામાં આવેલ છે.*

**- સંપાદક**

**(જૈન પ્રવચન)**

**પરિશિષ્ટ-૧**

## મુંબઈ જૈન યુવક સંઘનું ભયંકર કાવત્રું

*મુંબઈ જૈન યુવક સંઘના ઉદ્દેશ અને પ્રવૃત્તિ જૈન સમાજની વર્તમાન પ્રજા અને ભાવિની પ્રજાના ધાર્મિક હિતની ઘાતક છે, અને શાસનપ્રેમની શોષક છે, એ નીચેના લખાણથી સ્પષ્ટ રીતે સિદ્ધ થઈ શકે તેમ છે.*

*આ લેખમાં આપવામાં આવેલ અવતરણો વાંચીને જેની આંખે કમકમાં ન આવે અને એવું લખનારાના અંતરદાહ સામે જ્વાળા ન ભભૂકે, તેનામાં જૈનત્વનો કેટલો અંશ છે, એય વિચાર કરવા જેવું થઈ પડે છે.*

**શાસ્ત્રો, શાસ્ત્રકારો ને ધર્મફરમાનો સામે ક્રાંતિ લાલ આંખ કરે છે.**

**પૂજ્ય પુરુષોને પાખંડી, સ્વાર્થી, ચોર, લુચ્ચા અને ધાર્મિકતાના ધ્વંસક કહે છે.**

**જૈનસમાજ, હવે તો સાવધાન થા !**

**''મુંબઈ જૈન યુવક સંઘ''** નામની એક સંસ્થા થોડો વખત થયાં મુંબઈમાં સ્થાપવામાં આવી છે. તેના ઉદ્દેશો જોતાં જ તે સંસ્થા જૈન ધર્મને મૂળમાંથી ઉખેડી નાંખશે, એવી આગાહી અનેક સુવિહિત અને ગીતાર્થ મુનિવરોએ કરી હતી. તે અક્ષરશઃ સત્ય પડી છે, એમ તેમના તરફથી બહાર પડેલાં નીચેનાં લાખાણો પરથી જોઈ શકાશે.

**''જૈન યુવક સંઘ પત્રિકા''** એ નામથી લખાતી અને દર સોમવારે **'સાંજ વર્તમાન'**માં પ્રગટ થતી એક લંબાણ લેખમાળા, તેઓ તરફથી બહાર પાડવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૨૯ પત્રિકાઓ બહાર પડી છે. તેમાંની ફક્ત ચાર જ પત્રિકાઓમાં પણ જૈન ધર્મનું કેટલું ભયંકર અપમાન કરવામાં આવ્યું છે, તે નીચેના ફકરાઓ વાંચવાથી ખ્યાલમાં આવશે, આપણા પરમતારક દેવાધિદેવશ્રી તીર્થંકરદેવો, નિષ્કારણબંધુ પરમ ઉપકારી-પૂર્વાચાર્ય-મહર્ષિઓ, પંચમકાળમાં અનન્ય આધારભૂત શ્રી જિનાગમ અને શ્રી જિનપ્રતિમાઓ તેમજ પરમપૂજ્ય વર્તમાન સાધુ-સંસ્થા, ટૂંકમાં ધર્મનાં દરેક-દરેક અંગ ઉપર **અસહ્ય, કઠોર** અને **નીચ** હુમલાઓ કરવામાં આવ્યા છે.

ખેદની વાત છે કે, આજના જમાનામાં કેટલાક સાધુ અને ગૃહસ્થ આગેવાનો પડદા પાછળ રહીને આવી એક **ધર્મઘાતક** અને ભયંકર સંસ્થાની પીઠ થાબડી રહ્યા છે. આવી સંસ્થાને

ઊગતી જ દાબી દેવાની અને તેણે કરેલાં નિર્લજ્જ, નફ્ફટાઈ અને ઉદ્ધતતાથી ભરપૂર લખાણો બદલ જાહેર માફી મંગાવી, તેને પાછાં ખેંચી લેવડાવવાની જૈનધર્મને જવાબદાર દરેકેદરેક વ્યક્તિઓની પહેલામાં પહેલી ફરજ છે. આવા ધર્મનાશક મલિન પ્રચારકાર્ય સામે હજુ પણ વધુ વખત આંખમીંચામણાં કરવામાં આવશે, તો આખી જૈન સમાજને શિરે વિરાધકતાનું કલંક ચોંટશે. આ રહ્યાં તે અધમાધમ લખાણો :

**'સાંજ વર્તમાન,' તા. ૧૬-૯-૧૯૨૯ શ્રી જૈન યુવક સંઘ નં. ૧૦**

**ગીતાર્થ કે સ્વાર્થ :**

''અહમિંદ્રોના અશ્રુકથાના અધ્યાય જૈનજીવનની જારમાં પાકેલા ઐતિહાસિક **અંગારા,** સાધુઓએ પોતાના સ્વાર્થ ખાતર શ્રાવકોમાં દાખલ કરેલો સડો, ગીતાર્થોના ગહન **ફતવા,** સુખશીલતાનાં સ્થપાયેલાં સામ્રાજ્ય, વર્તમાન વારસાનો વિચાર.''

❋

''જે શિથિલતા પાર્શ્વાપત્યોમાં હતી તેથી પણ વધુ શિથિલતા જંબુસ્વામી પછી પેસવા માંડી અને એ શિથિલતાના રક્ષણહારોએ ''જિનનો આચાર જિનની સાથે જ નિર્વાણ પામ્યો છે'' એવો ફતવો બહાર પાડ્યો, પણ આટલો ફતવો બહાર પાડી બેસી રહે પાલવે તેમ ન હતું. તેને 'શાસ્ત્રને નામે' ચઢાવવા પ્રયત્નો થયા.''

❋

''જ્યાં અન્નપાણીના સાંસા પડવા માંડે ત્યાં ત્યાગ, તપ અને જ્ઞાનની વાતો કરવી અને તેમાં વીરે ઉપદેશેલા કડક ત્યાગમાર્ગની, તે તો એક જાતની મૂર્ખાઈ જ છે.''

❋

''વિકારી સાહિત્યનાં કારખાનાં આ ગીતાર્થોની દેખરેખ નીચે તેમના જ હાથે રાત ને દિવસ ચોવીશે કલાક ચાલવા લાગ્યાં.''

❋

ગીતાર્થ ગુરુઓને પગલે ચાલી, તેમની ઉજ્જવળ કીર્તિને વધુ ઉજ્જવલ કરવાને તેમના સમર્થ શિષ્યોએ **સડાને શાસ્ત્રનું રૂપ આપવાને મોટા પાયા પર કારખાનાં સ્થાપ્યાં,** એ કારખાનામાંથી શાસ્ત્રની મુદ્રા પામેલો **કોહવાટ** મોટા અને મોટા પ્રમાણમાં વધુ અને વધુ ઝડપથી નીકળવા લાગ્યો... ...ગમે તેવા ગીતાર્થો! અને તેમના ઈતિહાસ લખે તે 'સાતમી નરકે જાય' અને એ અશક્ય છે કે, આજના ક્રાંતિના જમાનામાં નર્કની સંખ્યા ઓછી ચૌદ સુધી વધારવાને તેઓ શાસ્ત્રમાં શોધખોળ કરી કે સર્જન કરી, તેને શાસ્ત્રની મહોરે તૈયાર થતાં હોય.

પણ હવે તો સાધુ સંસ્થામાં એક પ્રકારનો ચેપી રોગ ફાટી નીકળ્યો હતો. દરેક સમર્થ અને મહાજ્ઞાની આચાર્યો દિવસ ઊગ્યે નવી નવી છાવણીઓ નાંખવાનો શાસ્ત્રમાં નવી નવી શોધ કરવાનો પ્રયત્ન કર્યો હોય, એમ લાગે છે. જૈન કોમના ધન્યભાગ્ય છે કે, **આજે તો એવા સમર્થ અને મહાજ્ઞાની ગીતાર્થો કીડીઆરા માફક ઊભરાઈ જાય છે.''**

❋

**'સાંજ વર્તમાન,' તા. ૨૩-૯-૧૯૨૯ શ્રી જૈન યુવક સંઘ નં. ૨૧**

**વર્તમાન વેષધારીઓ :**

+++ ''ઉપહાસ, બાળચોરી, પુસ્તકચોરી, ઉપકરણ ચોરી-મૈથુનને માર્ગે તેના અસામાન્ય પ્રકાર પરિગ્રહ પરિમાણ-વ્રત, ધોળા હાથી-મુગલ સરકારની યાદ.

તે જ પ્રમાણે જૈન સાધુઓ પણ પોતે મહાવીરને દરરોજ મળતા હોય તે પ્રમાણે પોતાને કહેવાનું એ બધું મહાવીરને નામે ચઢાવી જશે, ચઢાવ્યે જાય છે.

❋

''આજે ગામડાની ગરીબ પ્રજા સાધુઓને ધોળા હાથીના ઉપનામથી ઓળખે છે.''

❋

''કોણ કહે છે કે, આપણા વાસક્ષેપ અને બીજાઓની ભભૂતિમાં ફેર છે.''

❋

**'સાંજ વર્તમાન', તા. ૨૩-૧૦-૧૯૨૯ શ્રી જૈન યુવક સંઘ નં. ૨૪**

''પુનર્લગ્નના વિરોધમાં અપાતી ધર્મની બાળાગોળી, પુનર્લગ્ન અને જૈનધર્મ-પુનર્લગ્ન અને મહાવીર સ્વામી-પુનર્લગ્ન અને જૈન વસ્તી.

❋

તેમ કહેવાતા શાસ્ત્રકારો અને ધર્મગુરુઓ સમાજના ભોળા માણસોને ધર્મનું શુદ્ધ સ્વરૂપ બતાવવાની માથાફોડમાં ઊતરવા

કરતાં અફીણની ગોળી આપી તેમની વિચારવૃત્તિ સુવાડી દેવામાં પોતાની શક્તિની સફળતા ગણે છે.

બીજા સમાજની દૃષ્ટિએ છે તેમ લગ્ન એ પણ અબ્રહ્મચર્ય છે અને પુનર્લગ્ન એ પણ અબ્રહ્મચર્ય છે. બંનેમાં વિષયસેવનને સરખો જ અવકાશ રહેલો છે. એટલું જ નહિ પણ જો આપણે જૈન ધર્મના ઈતિહાસની દૃષ્ટિએ વિચાર કરીએ તો આપણને માલમ પડી આવે છે કે, ક્રાંતિકાર મહાવીરસ્વામીના જ પોતાના ગણધરો પુનર્લગ્ન કરેલી વિધવાના પુત્રોને મુખ્ય શિષ્યો બનાવે ''ત્યાં જૈન ધર્મમાં પુનર્લગ્નને સ્થાન નથી એમ કહેવું એ ધર્મને નામે અપાતી બાળાગોળી છે.''

**આદીશ્વર ભગવાન બળવાખોર હતા :**

માલમ પડી આવશે કે, તેઓ પણ સમાજ-વ્યવસ્થાના કાર્યમાં અસામાન્ય ક્રાંતિકારી હતા. ++++શ્રી ઋષભદેવ જેવા પ્રથમ તીર્થંકરદેવે પોતે જ આ બાળાના વૈધવ્યનું દુઃખ સહન ન થઈ શકવાથી તે વિધવા સાથે લગ્ન કરી સમાજ-વ્યવસ્થામાં ક્રાંતિ ફેલાવી.''

''એક વખત એકથી વધુ પત્ની કરનાર ચક્રવર્તી, મહાત્મા, ભગવાન કે પયગમ્બરમાં ખપતા હતા.''

❋

'દેહલગ્નની વિધવાને યાને હિન્દુ સમાજની વિધવાને પુનર્ગલગ્ન સમ મુક્તિ નથી.''

❋

''ફરજિયાત વૈધવ્ય એ પુણ્ય નથી, પણ પાપ છે, ધર્મ નથી પણ અધર્મ છે, નીતિ નથી પણ અનીતિ છે.''

❋

''++++ જો જૈન સમાજ આ હિંમત નહિ બતાવે તો તેના નૈતિક જીવનના મૂળ પર સખત ઘા થશે અને અંતે સમાજના નૈતિક જીવનનો નાશ થશે.''

❋

બીજા સમાજોની માફક જૈન સમાજે જીવવું હોય તો પુનર્લગ્ન બાબતમાં હિંમત બતાવ્યે જ છૂટકો.

❋

**'સાંજ વર્તમાન,' તા. ૨૧-૧૨-૧૯૨૯ શ્રી જૈન યુવક સંઘ નં. ૨૫**

**જૈનોનું ફતવાશાસ્ત્ર અને તેના નાશની જરૂર :**

+++ ''તેમ જૈનોની અંદર પણ સ્થાપિત હક્કોના બચાવ અર્થે જ લાગતા વળગતા પક્ષો તરફથી શાસ્ત્રો ઊભાં કરવામાં આવ્યાં છે. +++જૈન સાહિત્યે પણ સાધુઓએ શ્રાવકોથી અમુક સાહિત્ય ન વાંચી શકાય એવા ફતવાશાસ્ત્રનો ઉમેરો કર્યો છે.''

❋

''++++ આજે વીસમી સદીના આમ યુગમાં એ શાસ્ત્ર એટલું તો જર્જરિત થઈ ગયું છે કે તેને જડમૂળથી ઉખેડી નાંખવાની જરૂર છે.''

❋

''આ ફતવાશાસ્ત્રને ઉખેડી નાંખવાની, હંમેશને માટે ભસ્મ કરવાની જરૂર વીસમી સદી સ્વીકારે છે.''

❋

''જૈન સાહિત્યમાં ઊઠેલા **અંગારાઓએ** તે હક્કો સ્થાપન કરવાનો અને તેને પોષવાને, પોતાનાથી બનતું કર્યું છે.''

❋

''શ્રાવકો અને સાધ્વીઓથી અમુક શાસ્ત્ર ન વંચાય, એવું એવું **દાંભિક સાહિત્ય** ઊભું કર્યું અને આ સાહિત્યને શાસ્ત્રને નામે ચઢાવ્યું. આ દાંભિક સાહિત્ય, શ્રાવક-શ્રાવિકા અને સાધ્વીઓને ગુલામ બનાવનારી **બેડીઓ** છે, પણ સાહિત્ય નથી જ.''

❋

''તે આડી શાસ્ત્રોની પાળ બાંધનાર સાધુને અવગણ્યે જ છૂટકો. આવી પાળ બાંધનારા, વિકારી સાહિત્યના ઘડનારની બુદ્ધિ તે વખતે ભ્રષ્ટ થઈ ગઈ હશે, એમ આપણે માનવું જોઈએ.''

❋

''આપણા ધાર્મિક સિદ્ધાંતો કે સૂત્ર, સડેલી કે જર્જરિત અને જુનવાણી વ્યવસ્થાના રક્ષક તરીકે તો ન જ વપરાવવા જોઈએ.''

❋

''આપણે મૂર્તિને નામે ગમે તેવી કલાહીન મૂર્તિને ચલાવી લઈએ છીએ અને મંદિરને નામે ગમે તેવાં મકાનને ખડાં કરીએ છીએ અને તેમાં પણ મુંબઈ જેવા આગળ વધેલા શહેરમાં પાયધુની પરનાં કલાહીન મંદિરોની હાર જોઈએ છીએ, ત્યારે આધુનિક જૈનોમાં વૈશ્યવૃત્તિ સિવાય બીજી કોઈપણ જાતની વૃત્તિ હશે કે કેમ, તેમ આપણને શંકા થાય છે.''

❁

''આંખ મીંચીને હરીફાઈને લઈને ગમે તેમ ખડકી રાખેલાં મંદિરો કે મૂર્તિઓ અને મંદિરોના આ કાર્ય સફળ નથી કરતી.''

❁

**સાહિત્ય અને વિજ્ઞાન :**

''અત્યારે તો ધાર્મિક સાહિત્યમાં રહેલા અલ્પવિરામ અને પૂર્ણવિરામ ચિહ્નો પણ ધર્મ જેટલી જ પવિત્રતા આરોપનાર સ્વર્ગ અને મૃત્યુલોકનું કેમ જાતે પોતે જાતે બધું જ જોઈ આવ્યો હોય, તેમ ઝીણવટભર્યું બ્યાન કરશે. ત્યાં કયો ધર્મ ચાલે છે, ત્યાં લોકો શું ખાય-પીએ છે, ત્યાં કેટલી જાતનાં માણસો છે, કેટલાં મંદિરો છે અને કેટલા ઈશ્વરો છે, તે બધાનું રસિક વર્ણન આપશે અને પૂર્ણશ્રદ્ધાથી તેને સત્ય મનાવવા પ્રયત્ન કરશે. +++ પુરાણોનાં ગપ્પાં કે ઈશ્વરી શક્તિની લાંબીચોડી વાતો સાચી માનશે. અને પૃથ્વી નહિ પણ સૂર્ય ફરે છે, તે માન્યતાને આપણે ધાર્મિક સાહિત્યમાંથી જ્યાં સુધી તે પુરવાર ન કરી આપીએ, ત્યાં સુધી **તિલાંજલિ આપવી** જોઈએ.'' +++ પણ ધાર્મિક સાહિત્ય બુદ્ધિ અને વિજ્ઞાનના સ્પષ્ટ થયેલા સિદ્ધાંત અને સત્યનું વિરોધી હોય, તો તે વાત આપણે હવે કદી પણ ચલાવી શકીએ નહિ.''

❁

**ધાર્મિક સાહિત્ય અને સિનેમા :**

''જેમ કંઠસ્થ રખાતા સાહિત્યને કલા ધર્મને લઈને લીપિબદ્ધ કરવામાં કાંઈ બાધ ન આવ્યો અને એ લીપિબદ્ધ સાહિત્યને કલાધર્મને લઈને છાપાખાનામાં છપાતાં કે ફોનોગ્રાફમાં ઊતારતાં કાંઈ બાધ નથી આવતો, તેમ તે સાહિત્યને સિનેમા અને રંગભૂમિમાં પલટાવવામાં પણ કાંઈ બાધ ન આવવો જોઈએ. +++આજે ''રાજકથા'નો નિષેધ તો શું પણ તે પ્રતિ ઉપેક્ષાવૃત્તિ પણ શક્ય નથી.''

❁

*ઉપરનાં લખાણોની અંદર જૈનશાસનના નિઃસ્પૃહી અને ગીતાર્થ આચાર્યોને ''સ્વાર્થી, અહમિંદ્રો, અંગારા, સડેલાઓ' વિગેરે ઉપમાઓની નવાજેશ કરી છે. પવિત્ર આગમો અને શાસ્ત્રોને વિકારી સાહિત્યનાં કારખાનાઓમાં તૈયાર થયેલાં, શાસ્ત્રની મુદ્રા પામેલો કોહવાટ, બનાવટી ફતવાઓ વિગેરે ઉપમા આપી છે. આ ઉપરાંત સાધુ સંસ્થાની હાંસી અને મશ્કરી ઠાંસી ઠાંસીને ભરવામાં આવી છે. મુનિવરોને પંચમહાવ્રતધારી પઠાણો, ધોળે દહાડે ચોરી કરનારા, ગરીબ પ્રજા ઉપર ધોળા હાથી સમાન, મૈથુન સેવનારા વિગેરે કહીને ઉતારી પાડવામાં આવ્યા છે. પુનર્લગ્નની સિદ્ધિ માટે ભગવાન ઋષભદેવસ્વામીને તથા ચરમ તીર્થંકર શ્રી મહાવીરદેવને બળવાખોર અને ક્રાંતિકાર કહેતાં અચકાયા નથી. અમુક હદ સુધીની પવિત્રતાએ નહિ પહોંચેલા આત્માઓના હિતને માટે યોગ્યતા આવતાં સુધી અર્થનો અનર્થ ન કરી નાંખે તે માટે અમુક ગહન શાસ્ત્રોનું પઠન કરવાનો નિષેધ કર્યો, તેને દાંભિક સાહિત્ય કહી ગુલામી બનાવનારી બેડીઓ અને બ્રાહ્મણોના ફતવાશાસ્ત્રોનું ઉપનામ આપી, જડમૂળથી ઉખેડી નાંખવાની કે ભસ્મીભૂત કરી નાંખવા સુધીની નીચતા દર્શાવતાં તેમને કંપારી આવી નથી અને ઉપકારી મહાન પુરુષોને ભ્રષ્ટબુદ્ધિના કહીને હૃદયનો હળાહળ દ્વેષ ઠાલવ્યો છે. આ ઉપરાંત નર્કની મશ્કરી, ત્યાગ, તપ અને જ્ઞાન ઉપદેશ આપનારને મૂર્ખા, ગીતાર્થોને કીડીઆરા સાથે અને વાસક્ષેપની ભભૂતિ સાથે સરખામણી, વ્યભિચાર પોષણ, ધર્મ એ બાળાગોળી, મંદિરોને ખડકાયેલાં અને મૂર્તિઓને કળાહીન કહી આવી આવી અનેક રીતે જૈનધર્મને ઈતર સમાજો આગળ હલકો પાડવા માટે છાપાંની કૉલમોની કૉલમો ભરી પ્રયત્ન કરવા આવ્યો છે. જૈન ધર્મ ઉપર આવા ભયંકર આક્ષેપો મૂકવામાં આવ્યા હોય તો ઈતિહાસમાં આ પહેલીવાર છે, અને તે પણ જૈન નામધારી સંસ્થા તરફથી થાય અને સમાજના નાયકો નિશ્ચિંતપણે જોયા કરે તે તો ઈરાદાપૂર્વક જૈન ધર્મની હસ્તીને નાબૂદ કરવાનો પ્રયત્ન છે, એમ કહી શકાય. જૈન માત્રને સાંભળતાં કાનમાંથી કીડા ખરે તેવાં, જૈનશાસનને માનનારાનાં કાળજાના ટુકડે ટુકડા કરી નાંખે એવાં અને હૃદયમાં આગની હોળી સળગાવનારાં ધર્મનાશક લખાણો લખનાર સંસ્થા એ સ્વેચ્છાચારી, ઉન્મત્ત અને ધર્મદ્રોહી છે, એવું આ તકે જાહેર કરવાની દરેકની ફરજ થઈ પડે છ, આગામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સના પ્રમુખ, સ્વાગત સમિતિના પ્રમુખ અને અન્ય કાર્યવાહકોને અમે અપીલ કરીએ છીએ કે જૈન સમાજને બેવફા નીવડેલી આ મુંબઈ જૈન યુવક સંઘ નામની સંસ્થાને તેના સ્વરૂપમાં ખુલ્લી રીતે પ્રકાશમાં લાવી, તે માટે યોગ્ય ઠરાવ કર્યા*

*પછી જ કોન્ફરન્સનું કામ આગળ ચલાવે. આ તેમની મુખ્ય અને અનિવાર્ય ફરજ અને તે નહિ ચૂકવા માટે કોન્ફરન્સના તેમજ હિન્દુસ્થાનના તમામ જૈન સંઘના આગેવાનોનું પહેલામાં પહેલું ધ્યાન ખેંચીએ છીએ.*

લિ. શાસનસેવકો

| | |
|---|---|
| ચુનીલાલ માવજી શાહ | મણીલાલ કરમચંદ શાહ |
| કેસરીચંદ હીરાચંદ ઝવેરી | મોતીલાલ પુંજમલ શાહ |
| લલ્લુભાઈ ધનજી શાહ | લાલભાઈ ચંદુલાલ ઝવેરી |

મુંબઈ તા. ૧૫-૧-૧૯૩૦

**પરિશિષ્ટ-૨**

પત્રિકા નં. ૨

# જૈન સમાજને જાહેર અપીલ

## 'ક્રાંતિ'ની લેખમાળા કે ઝેરી કટારો ?

## જૈનકોમના કુલાંગારોનાં કાળાં કૃત્યો

"શાસ્ત્રોને નવાં બનાવો, દેવદ્રવ્યના નફાથી વિદ્યાલયો ચલાવો, ઉપાશ્રયોને નિશાળોમાં ફેરવી નાંખો, સાધુ-સાધ્વીઓએ રાજકીય ક્ષેત્રોમાં ભાગ લેવો જોઈએ, ઉજમણાં એટલે પૈસાનો ધુમાડો, સાધુઓએ અખાડા સ્થાપવા જોઈએ, સાધ્વીઓએ પણ સ્ત્રીઓને અખાડા ખેલતી કરવી જોઈએ બાલબ્રહ્મચર્યની કાંઈ કિંમત નથી, સાધુઓએ પર્વતોની ટોચ ઉપર કે ગુફાઓમાં ભરાઈ જવું, દીક્ષા લેનાર બાયલા છે, સંન્યાસ સ્વીકારવો તે હરામખોરી છે, નવાં તીર્થસ્થાનો ઊભાં કરવાં તે પુણ્ય નહિ પણ પાપ છે."

*મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પ્રગટ થતી લેખમાળામાંના શબ્દોની ભયંકરતા વિષે હવે શું કહેવાનું રહે છે? જે જે ધર્મપ્રેમી આ વાંચશે, તેનામાં ધર્મઝનૂન હશે, તો એની આંતરડી કકળી ઊઠશે અને એના હૈયામાં ભયંકર જ્વાળાઓ ભભૂકશે.*

*ક્રાંતિવાદ અને વિચાર સ્વાતંત્ર્યના ઓઠા નીચે ધર્મીઓ ઉપર આજે આ જુલમ ગુજારાય છે, અને એવાઓના કથનોનું અસ્તિત્વ મિટાવવા માટે પોતાની છેલ્લામાં છેલ્લી શક્તિનો ઉપયોગ કરવો એ જ દરેક ધર્મપ્રેમીનું કર્તવ્ય થઈ પડે છે.*

**આ પત્રિકાના પ્રકાશકોની નોંધ:**

*ગઈ અપીલમાં અમે જણાવી ગયા છીએ કે જૈન નામધારી એક યુવક સંઘ મુંબઈમાં છેલ્લા સાત-આઠ મહિનાથી સ્થાપન થયો છે. તેણે 'સાંજ વર્તમાન'માં છવીસ પત્રિકાઓ છપાવી છે, તેમાંની ફક્ત ચાર કે જેમાં "તીર્થંકરો બળવાખોર, ચાલુ મંદિરો અને મૂર્તિઓ બીનજરૂરી છે, શાસ્ત્રોને ભસ્મીભૂત કરો, પૂર્વાચાર્યો સ્વાર્થી અને ભ્રષ્ટ બુદ્ધિના હતા વિગેરે વિગેરે ધર્મધ્વંસક લખાણો પ્રગટ થયાં હતાં, તે અમે જણાવી ચૂક્યા છીએ. ત્યાર પછી તેની બીજી પત્રિકાઓ મેળવતાં તેમાં પણ જાણે ઈરાદાપૂર્વક જૈનધર્મને મૂળમાંથી ઉખેડી નાંખવાનું વ્યવસ્થિત કાવતરું જ ન હોય, તેવી રીતે બધી બાજી ગોઠવી છે. તેમની જેટલી પત્રિકાઓ અમારા હાથમાં આવી તે વાંચતાં લગભગ દરેકમાં ડગલે ને પગલે 'ક્રાંતિ'ના નામે શ્રી તીર્થંકરદેવો સંસ્થાપિત જગતને કલ્યાણકર ધર્મને, દુનિયાની હસ્તીમાંથી નાબૂદ કરી નવો જ મનઃકલ્પિત પંથ સ્થાપવાનો ઈરાદો સ્પષ્ટ થાય છે. જૈન સમાજના નિદ્રાવશ અગ્રેસરોની જાણ ખાતર અમે તે લખાણોના બીજા કેટલાક ફકરાઓ નીચે ટાંકી બતાવીએ છીએ, તે ઉપરથી જૈનધર્મ પર આક્રમણ કરી રહેલી આ ટોળકી જૈનસમાજના હિતચિંતક અને ખાસ કરીને ગુરુપદે બિરાજમાન પૂજ્ય સાધુ તથા સાધ્વીઓના ધ્યાન પર એક વાત ફરીથી અમે લાવવા માંગીએ છીએ કે આ લખાણો જો કાયમ રહી ગયા તો ભવિષ્યની જૈન તેમજ ઈતર પ્રજા, જૈન ધર્મ માટે કેવો અભિપ્રાય બાંધશે, તે વિચારવાની ખાસ જરૂર છે. આવાં લખાણો લખનાર નાલાયકો સિવાય કોઈપણ ન હોય, એવું અમારું માનવું છે. પરંતુ જ્યારે તે એક સંસ્થાને નામે પ્રસિદ્ધ કરી જગતમાં ફેલાવવામાં આવે ત્યારે તે સંસ્થાના સભાસદો હોવાનું માન મેળવનાર તથા તેને પ્રગટ કે પ્રચ્છન્નપણે ટેકો આપનાર દરેકેદરેક વ્યક્તિ તે માટે જોખમદાર છે. આટલાં લખાણો ઉપરથી પણ મુંબઈ જૈન યુવક સંઘની ભાવિ દિશા અને તેનાં ફળ તરફ જૈન સમાજ બેદરકાર રહેશે, તો ચોક્કસ માનવું રહ્યું કે તેનાં માઠાં પરિણામ જોવાનો દિવસ વધુ ને વધુ નિકટ આવતો જશે. જુઓ તે જૈન નામધારી સંસ્થાની જૈનસમાજને વધુ પ્રસાદી:*

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, 'સાંજ વર્તમાન' પાનું ૪, તા. ૧૫-૭-૨૯**

**પત્રિકા નં. ૨**

''+++= આ પરમાર્થી વર્ગ સમાજને અધિકારી અને અનધિકારી એવા વર્ગમાં વહેંચી નાંખી આત્મા અને પરકલ્યાણના અર્થે વિચાર કરવાનો બધો ઈજારો દયાની દૃષ્ટિએ પોતે જ રાખે છે. વિચાર ન કરી શકે તે માટે તેઓ અધિકારી નથી, એવું તેમનું મંતવ્ય નથી. પણ તેઓ, પોતાના જેવા નથી, પોતાના મતના નથી, પોતે તેમને વિચાર કરવાની રજા આપી નથી, અને તેથી જ તેમને વિચાર કરવાનો કંઈ અધિકાર નથી, એમ તેમનું મંતવ્ય છે.''

''અધિકારભેદ આ વ્યાખ્યામાં અપ્રમાણિકતા, દંભ અને અન્યાય સર્વાંશે સમાયો છે, એમ સહેલાઈથી સમજી શકાશે.

❃

''++++ અથવા તો સત્તારૂપી દારૂના ઘેનમાં આવી સત્તાનો દુરુપયોગ કરી, અધિકારને નામે, દંભ અને અપ્રમાણિકતાનો સ્વચ્છંદી ઉપયોગ કરે છે.''

❃

''અત્યારે પણ સમાજનો શ્રદ્ધાળુ ભોળો વર્ગ તેમની જાદુભરી સિતમશાહીમાં પીસાય છે.''

❃

આપણે આ ધર્મવિચારના ઠેકેદારને પોપશાહીના નામથી જ ઓળખીશું.

❃

''આજે જૈનોમાં શાસ્ત્રના ઠેકેદારો, શાસ્ત્ર તેઓ જ સમજી શકે છે અને તેઓ જ વાંચી શકે છે, એવો પોપશાહીને શોભતો અપ્રમાણિક દાવો કરી રહ્યા છે. ++++++ જૈન ધર્મના માલિકોએ પડહ વગડાવ્યો કે આગમ વાંચવાના ઈજારાનો, અનંતકાળથી અનંતકાળ લગીનો પટો અમને મળી ગયો છે. જૈન ધર્મ વિષે વિચાર કરવાનો જન્મસિદ્ધ હક્ક અમારો છે.''

❃

પણ વિચાર સ્વાતંત્ર્યના વિરોધીઓના પીંજણનો મુખ્ય આધાર શ્રદ્ધાના ગોળા ગબડાવવામાં જ છે. +++ શ્રદ્ધા અને વિચાર સ્વાતંત્ર્યને એક બીજાથી વિરુદ્ધ સમજાવવામાં, કાં તો તેઓ શ્રદ્ધા શું છે, તે સમજ્યા નથી, અથવા તો ઈરાદાપૂર્વક અપ્રમાણિકપણે દંભયુક્ત ખોટો અર્થ કરે છે.

❃

''બીજાઓને પોતાના કહેવામાં શ્રદ્ધા રખાવી તેમના આત્માનું કલ્યાણ કરવાના તડાકા મારનાર, આ મહાપુરુષો તેમના પોતાના કલ્યાણની ફીકર કરે તો બહુ છે. કારણ કે બીજાનું કહેવું સાંભળવાને નહિ ટેવાયેલી તેમની બુદ્ધિમાં, જડતાના જડ જામે છે. અને બીજાનું કહેવું નહિ સહી શકનાર, તેમનું હૃદય કોપની ભઠ્ઠીમાં તપીને કઠોર બને છે.''

❃

**તા. ૫-૮-૨૯ 'સાંજ વર્તમાન', શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

**પત્રિકા નં. ૫**

**સંઘશાસન**

''પોતાને રૂચે તેવા અને પોતાની સત્તાને પોષે તેવાં શાસ્ત્રો છૂટથી રચ્યે જતાં હતાં.''

❃

**તા. ૧૮-૮-૨૯ 'સાંજ વર્તમાન', શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

**પત્રિકા નં. ૭**

**જૈન ધર્મના જંગમ વાવટા**

''આની સામે બધા ફીરકાઓના કૂપમંડૂક નેતાઓ, સત્તાભિલાષી સાધુઓ અને તેમના અંધ ઉપાસકો પ્રચંડ વિરોધ જગાવશે. સમાજના આ મહાન સંગઠનમાં તેમની સત્તાનો શયતાની પ્રભાવ ઓછો થતો દેખાશે, તેમણે આપેલી અફીણ-ગોળીના અમલ ઊતરતા દેખાશે.''

❃

**'સાંજ વર્તમાન', તા. ૧૮-૮-૨૯ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

**પત્રિકા નં. ૧૨, પાનું ૫**

**દીક્ષાનો દરબાર**

+++++ સાધુનો સ્વીકાર કરવો કે ન કરવો, ક્યારે કરવો અને કેમ કરવો. એ માટે સમાજ ધારાધોરણ બાંધવામાં તદ્દન ન્યાયી છે.

❃

બ્રહ્મચર્યની કિંમત બાળક કે વૃદ્ધની દૃષ્ટિએ ઘણી જ ઓછી છે. સમાજે કોઈપણ વ્યક્તિને દીક્ષા આપતાં પહેલાં, તેની કડકમાં કડક કસોટી કરવી જોઈએ.

❃

જો તેમને આત્મકલ્યાણ કરવું હોય તો અરવલ્લીની ગુફાઓ અને હિમાલયના શૃંગો પર પૂરતી જગ્યા છે.

❃

**બાળ-દીક્ષાની નિરુપયોગિતાઃ**

''++++ એવો એક પણ દાખલો બાળ-દીક્ષાનો નથી કે જેણે તેની માત્ર બાળ-દીક્ષાને લઈને જ કલ્યાણ કર્યું હોય - આ કાર્ય તો વગર મૂંડને પણ થઈ શકે છે.''

❃

'દેશકાળના ચેતનભર્યાં પરિવર્તનો જડ દીક્ષાના જડ હિમાયતીઓને ક્યાંથી સમજાય? ---- જગતને દીક્ષાઘેલા દીક્ષાના દ્રોહીઓની જરૂર નથી.''

❃

**તા. ૭-૧૦-૨૯ 'સાંજ વર્તમાન', શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા નં. ૧૩**

**આયોગ્ય દીક્ષાનો ઉત્તરાર્ધઃ**

''અયોગ્ય દીક્ષાના અખાડા, અખાડે અખાડે મલ્લ નીપજે, બસ દીક્ષા જ આપો પહેલી બીજી, થોડાક ધનવાનોને હાથ કરવા, સ્વર્ગસુખની લાલચ, મોક્ષની ચિઠ્ઠી, આ પણ સટ્ટો.''

❃

++++ ''પોતે અમુક સંખ્યા સુધીમાં દીક્ષાને માટે ગુલામો પૂરા પાડવાની પ્રતિજ્ઞા કરે છે, અને એ પ્રતિજ્ઞા પાળી ઈન્દ્રાસન સાધ્ય કરવાની અભિલાષા રાખનારા, આ ધરમાત્માઓ **દીક્ષાગુલામો** ખરીદે છે.''

❃

''તેમનાં જીવન ઘણે ભાગે શુષ્ક, ખારાં અને નિષ્ક્રિય બની ગયાં છે, તેમનો વૈરાગ્ય સ્મશાન-વૈરાગ્યમાંથી ઉદ્ભવ્યો હોય છે, અને સ્મશાન-વૈરાગ્યમાંથી ઉદ્ભવેલા વૈરાગ્ય નીચે **દુર્વાસાનો ક્રોધ ધખતો** હોય છે.''

❃

''જેમ આપણા જીવનમાં વડીલશાહીએ દાટ વાળ્યો છે, તેમ સાધુ-સંસ્થામાં પણ વડીલશાહીએ દાટ વાળ્યો છે. +++ પણ જો આનાથી વધુ કડક અને યોગ્ય શબ્દ હોત તો, તે પણ આપણે વાપરવા પડત.''

❃

''આચાર્ય કે મોટી સત્તાવાળી પદવીઓ માટે જે ખટપટ થાય છે, રાજદ્વારી ભાષામાં જે નિર્લજ્જ કાવત્રાં થાય છે, જે ફાંફાં મરાય છે, તે તેમના જીવનમાં રહેલી વાસના ઉઘાડી પાડે છે. ++ અને જો આ પદવીની વહેંચણીમાં, ત્યાગીઓની આ લૂંટમાં, કોઈને ધાર્યા કરતાં ઓછું આવ્યું તો પછી જીવનવિગ્રહના મંડાણ મંડાવાનાં.''

''તે જ પ્રમાણે કોઈ ન્યાયાંભોનિધિ બની જાય છે, તો કોઈ સર્વ શાસ્ત્રપારંગત બની જાય છે. +++ અત્યારે તો ચક્રવર્તી, સૂરિસમ્રાટો પદવીગ્રહના મહાકાર્યમાં ગુંથાયેલા છે.''

❃

''દરેકને યોગ્યતા પ્રમાણે 'સુશ્રાવક' 'પરમ જૈન' 'જગડુશાહ' 'કુમારપાળ' 'ઉદયન' ચોથો આરો પ્રવર્તાવનાર, ઈત્યાદિ યોગ્ય મહેનતાણું આપવું જોઈએ નહિ તો **હરામનો માલ પચતો નથી.**

❃

**તા. ૧૪-૧૦-૨૯ 'સાંજ વર્તમાન', શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા નં. ૧૪**

**સાધુ-સંસ્થા પુનર્વિધાનને પંથેઃ**

''શું દેશો? દીક્ષાનાં દાન કે ભિક્ષાના પરવાના?''

❃

''પણ દીક્ષા લેનારે ભરણપોષણ કે એવી બીજી જાતની વ્યક્તિજીવનનો નાશ ન કરનારી સામાન્ય જવાબદારી શા માટે ન ઉઠાવવી જોઈએ? તે સમજી શકાતું નથી. આ જાતની જવાબદારીનો દ્રોહ કરીને, દીક્ષાની જવાબદારીનો સ્વીકાર કરવા માંગતો હોય તો તે જવાબદારી ઉઠાવવાને તેણે દેખાડેલી કાયરતાને લઈને નાલાયક છે.''

❃

''જો તેઓ પ્રાચીન સંસ્કૃતિનો અર્વાચીન સંસ્કૃતિ સાથે સુમેળ સાધી ન જ શકે, તો તેઓએ સ્પષ્ટ સમજી લેવું કે મોડાવહેલા પ્રાચીન સંસ્કૃતિએ મર્યે જ છૂટકો.''

❃

''+++ નવા વિચારો વીજળીની માફક ફેલાયા કરે છે. તે વીજળીનો ઉપયોગ કરતાં સાધુસમુદાયે શીખવું જ પડશે.''

તેઓએ જાણવું જોઈએ કે દેહ એ દુર્ગંધસ્થાન છે એમ કહેવું એ તદ્દન અયોગ્ય છે. સત્ય તો એ છે કે આત્મદેવને માટે એ પવિત્ર જંગમ અને જીવતું મંદિર છે. આત્મદેવનું તીર્થ છે. તેની આશાતના કરનાર આ દેહતીર્થની આશાતના કરે છે. જંગમ તીર્થની અવગણના કે ઉપેક્ષા, એ તીર્થની ભયંકરમાં ભયંકર આશાતના છે.''

❁

**તા. ૨૮-૧૦-૨૯ 'સાંજ વર્તમાન', શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા નં. ૧૬**

**સુષુપ્ત સમાજ**

**અસહ્ય સ્મશાનશાંતિ**

**શારીરિક સંપત્તિનો નાશ અને સાધુ:**

++++ ''સાધુઓથી અખાડામાં હાજરી અપાય કે નહિ? તેને ઉત્તેજન અપાય કે નહિ? આપણે તો સ્પષ્ટ સમજવું પડશે, ને એટલો તો સ્પષ્ટ નિર્ણય કરવો પડશે કે, સાધુઓ એકલી હાજરી આપીને સંતોષ નહિ જ માની શકે. +++ દરેકેદરેક સાધુએ શહેરેશહેર, ગામેગામ, મહોલ્લે મહોલ્લે **અખાડાની સ્થાપના કરાવવી પડશે** અને એ અખાડા પ્રવૃત્તિ, એ મરદોની રમતો, એકલા પુરુષોમાં જ નહિ, પણ સ્ત્રીઓમાં પણ સર્વવ્યાપી અને સર્વસાધારણ કરવી પડશે અને એ પ્રવૃત્તિના પ્રચાર માટે આપણા **સાધ્વી સમુદાયે સંપૂર્ણ સહકાર આપ્યે જ છૂટકો.**

❁

''જે આર્થિક શક્તિ ધર્મની પ્રભાવના પાછળ ખર્ચીએ છીએ, તે શક્તિ આપણે આ મરણપ્રમાણ ઘટાડવા પાછળ ન ખર્ચીએ?''

❁

''બીજી એક વસ્તુએ ઘર ઘાલ્યું છે, અને આ વસ્તુ ધાર્મિક **ઈન્દ્રજાળ.**''

❁

તેઓ સમજી નથી શકતા કે જૈનોએ રાષ્ટ્રીય જાહોજલાલીમાં જ જૈનધર્મની જાહોજલાલી માની છે.''

❁

**તા. ૨૦-૧૦-૨૯ 'સાંજ વર્તમાન', શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા નં. ૧૫**

**સોહાગી સંસાર:**

''આપણા આ પૃથ્વી પરના જીવનને ''સંસાર'' અને ''ત્યાગ''માં વહેંચી નાંખવામાં આવ્યું છે અને તેમાં ત્યાગને મહત્ત્વ આપવામાં આવ્યું છે ને ''સંસાર''ની મહત્તા લગભગ વિસારી દેવામાં આવી છે.''

❁

''જ્યારે પતિ-પત્નીના પ્રેમને પશુતાના ખેલ કહેવામાં આવે છે, ત્યારે જરૂર જાણવું જોઈએ કે કહેનારના મનમાં માનવતા અને પશુની વચ્ચે ભેદભાવ સમજવાની બુદ્ધિ નથી. પતિ-પત્ની વચ્ચે આદર્શનું વાતાવરણ ખડું થયું છે, તેની અવહેલના કરવી એ પાપ છે.''

❁

''ગુજરાતના જૈન ઈતિહાસમાં, જૈન ગૃહસ્થોએ જે બલિદાન દીધાં છે, જૈન સંસ્કૃતિના ઉત્કર્ષ ખાતર જે સેવા સમર્પી છે, તે સાધુઓનાં બલિદાન કે સેવાથી જરા પણ ઊતરતી નથી.''

જો જગતમાં આદર્શવાદ ઘટતો હોય તો જગતભરની સાધુ-સંસ્થાઓના સ્વાર્થથી, અજ્ઞાનથી, આળસથી અને અસહકારથી.''

જેને બે ટંક પૂરું અનાજ પણ ન મળતું હોય, રહેવાનું ખોરડું ન હોય, કે ઓઢવાને પિછોડી ન હોય, તેને માટે આદર્શ જીવનના ઉપદેશ કરવા તે ધર્મોપદેશ નથી, પણ ક્રૂર મશ્કરી છે. ભગવાન મહાવીર પણ એ જ સત્યને ઘટાવે છે. ---- - ભૂખ્યા પેટે ગમે તેવો પણ સુંદર ઉપદેશ અસર કરી શકતો નથી. સંસારના આ કોયડાનો ઉકેલ આજે ઘણો કઠણ થઈ પડ્યો છે.

❁

''પણ અત્યારે તો જે સંસારને આદર્શ નથી કરી શકતા, તે સાધુ-સંસ્થાના અંચળા ઓઢવાની ઉમેદવારી કરે છે. સંસારને જે નથી સહી શકતા, તે સાધુતાને સહન કરવાની તત્પરતા બતાવે છે. કાયરતાના આવા ઉપાસકો જગતનો ઉદ્ધાર કરવાને હંમેશાં નિષ્ફળ નીવડ્યા છે અને નીવડશે.''

❁

## પાનું-૧૨ 'સાંજ વર્તમાન', તા. ૧૧-૧૧-૨૯ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા નં. ૧૮

**ધાર્મિક જીવનને પંથે :**

ઉપાશ્રયો, ઉજમણાં, જમણવારો +++ દેવદ્રવ્ય વ્યવસ્થા

સૂરિસમ્રાટોના હાકોટા અને લોકલાગણી, દેવદ્રવ્ય

❁

શાસ્ત્રોમાંથી છોડવામાં આવતાં શસ્ત્રો જેમ વિવેકહીન અને ભયંકર, તેમ આપણો વિરોધ દર્શાવતો પોકાર પણ વધુ વ્યવસ્થિત અને સખ્ત હોવાની જરૂર છે.''

❁

''દ્રવ્યવ્યયની આસપાસ એક જાતનું શાસ્ત્ર ઊભું થઈ ચૂક્યું છે અને તે શાસ્ત્રની શાખાઓ દિવસે દિવસે વધતી જઈ, સમાજપ્રગતિને ચારે બાજુથી રૂંધી નાંખે તેમ લાગે છે. +++ કોઈ ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થયો હોય તો તે દેવદ્રવ્યનો છે. આ પ્રશ્ન પર શાસ્ત્રની માહોર મારવામાં સૌથી વધુ પ્રયત્ન થયા છે +++ કે બળવાનો ઝંડો લેનાર પણ સાધુમાં જ નીકળ્યા છે. +++ 'ગીતાર્થ વાસક્ષેપીત' ગાળીપ્રદાન કરવાને સંપૂર્ણ અધિકારી બને છે.

❁

''પણ જે રીતે દેવદ્રવ્ય ભેગું કરવામાં આવે છે, ઉત્પન્ન કરવામાં આવે છે, તે બધું અનાદિકાળથી અને કાંઈપણ ફેરફાર થયા વગર અત્યારે છે તે પ્રમાણે જ ચાલતું આવે છે, એમ કહેવું વધારે પડતું છે.''

❁

''આ મુદ્દાઓનો નિર્ણય કરવાની જવાબદારી પણ વર્તમાન તીર્થંકર શ્રીસંઘના હાથમાં જ છે અને દેવસ્થાનો વિષેની જવાબદારી શ્રાવક અને શ્રાવિકા વર્ગની જ હોય, તો આ મુદ્દાઓનો નિર્ણય કરવાની જવાબદારી પણ શ્રીસંઘની જ છે એ આપણા સાધુઓએ સ્પષ્ટ સમજી લેવું જોઈએ.''

❁

''આની અંદર દરેક જાહેર સંસ્થાની મિલકત રોકવી જોઈએ. પછી તે મિલકત દેવદ્રવ્ય હોય કે સાધારણ દ્રવ્ય હોય. તેને અંગે થતાં નફામાંથી આપણાં ગુરુકુળો, શાળાઓ, પાઠશાળાઓ અને વિદ્યાલયો ચલાવી શકાય, તેને અંગે કળામંદિરો અને ગ્રંથભંડારો નિભાવી શકાય. કોઈ ઘડીભર ન માને કે દેવદ્રવ્યમાંથી આવો નફો ન થાય.''

❁

**ઉપાશ્રયોને નિશાળોમાં ફેરવી નાંખો**

+++તેનો એકલા સાધુઓ માટે જ ઉપયોગ કરવાનો નથી. તેઓ કેટલા બધા પાપના ભાગી થાય છે, તેનો આપણે વિચાર કરવો જોઈએ.

❁

+++ ''એ ઉજમણાં નથી, પણ પૈસાનો ધુમાડો છે અને એ સ્વીકાર્યે જ છૂટકો.''

❁

''આપણે આ ધુમાડો બંધ કરી, આપણાં આ જ્ઞાનોત્સવો ઉજવવામાં ફેરફાર કરવાનો છે.''

❁

+++ અને અવ્યવસ્થિત જમણવારો છે, એથી ધર્મની પ્રભાવના થાય છે કે સ્વામીભાઈની સેવા થાય છે, એમ માનવું ભૂલ કરેલું છે.''

❁

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, 'સાંજ વર્તમાન', તા. ૧૮-૧૧-૨૯ પત્રિકા નં. ૧૯

**શિક્ષણ અને સમાજ**

''શિક્ષણની સામે કોણ? શાથી?''

આધુનિક કેળવણીનો વિરોધ કોણ કરે છે? શાથી?

❁

''નારી નરકની ખાણ છે,'' એ વૃત્તિ તો હવે લગભગ નાબૂદ થઈ ગઈ છે, અને એવું માનનારા મોટે ભાગે સ્પષ્ટ શબ્દોમાં કહેવાની જરૂરિયાત જોતા નથી. અત્યારે તો કોઈપણ સંસ્કારિત માનસ, આ શબ્દો સ્વપ્ને પણ સ્વીકારશે નહિ.''

❁

''જે કોમ પંદરસો સાધુ-સાધ્વીઓને પોષે છે, તે કોમની અંદર પુરુષો તો લગભગ અર્ધોઅર્ધ અભણ અને નિરક્ષર છે. ++ જે કોમમાં સિત્તેર ટકા તદ્દન નિરક્ષર અને અભણ રહેતા હોય, તેને માટે કેળવણી, કેળવણી અને કેળવણી એ એક જ ધર્મ છે. એ એક જ તીર્થ છે, એ એક જ ઉત્સવ છે.

બધું દ્રવ્ય કેળવણીની પાછળ ખરચાવું જોઈએ. ++ સમાજનો સાધુવર્ગ પણ જવાબદાર છે.

❁

કેળવણીના યજ્ઞમાં સાધુઓ પણ ફાળો આપી શકે છે, +++ તેમ આપણા સાધુવર્ગને શિક્ષણના કાર્ય માટે તૈયાર કરવાની જરૂર છે. તેમની મદદથી સેંકડો નવી શાળા ચલાવી શકીએ. +++ વિદ્યાપીઠો ચલાવવા માટે આધુનિક કેળવણીકારને જોઈતી યોગ્ય તાલીમ મેળવી લેવી જોઈએ.

**જૈન સાધુ-સાધ્વીઓની ફરજ**

+++ ''જૈન દષ્ટિએ નવા શાસ્ત્રનાં સર્જન કરવાં પડશે. અમારાથી રાષ્ટ્રીય પ્રશ્નોનો અભ્યાસ ન થઈ શકે, સામાજિક સમસ્યા અમારાથી ન ઉકેલાય, અર્થશાસ્ત્ર કે વિજ્ઞાનશાસ્ત્રમાં અમારો હિસ્સો કંઈ નહિ જ સંભવે, રાજકીય કે આંતરરાષ્ટ્રીય પ્રશ્નોમાં અમારો ચંચુપ્રવેશ શક્ય નથી, એમ કહેવું એ સારીયે સાધુ સંસ્થાના નાશને આમંત્રણ કરવા જેવું છે. +++ સંકુચિત ક્ષેત્ર સંન્યાસ મૂકી દઈ રાષ્ટ્રીય સંન્યાસ સ્વીકારવો પડશે, અને તે માટે જોઈતી તૈયારી મેળવવી પડશે. જો હેમચંદ્રાચાર્ય જેવા સમર્થ સાધુઓ રાજકીય ક્ષેત્રમાં પોતાની શક્તિનો ઉપયોગ કરી, જગતને અહિંસાના પાઠ શીખડાવવા પ્રયત્ન કરે, તો બીજાએ કેમ ન કરવું જોઈએ ? +++ નહિ તો જગત્ પોકારશે કે **''ધર્મ નહિ જોઈએ.''**

❃

**તા. ૨૫-૧૧-૨૯ 'સાંજ વર્તમાન', શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા નં. ૨૦**

**શિક્ષણ અને સંસ્થાઓ**

''આપદ-ધર્મ સમયધર્મ કે રોગ ?''

**સંપ્રદાય-ક્રિયાકાંડ અને ગોખણપટ્ટી**

❃

''ઊલટું આપણે અત્યારના પ્રવૃત્તિ-માર્ગને અને ખાસ કરીને ભૌતિક પ્રવૃત્તિ માર્ગને જેટલો મોડો અપનાવીશું તેટલા બધી રીતે પાછળ પડતા જઈશું.''

❃

''આપણે જરૂર ઈચ્છીશું અને જે બનવાનો સંપૂર્ણ સંભવ છે કે, જ્યારે આજના યુવાન વિદ્યાર્થીવર્ગના હાથમાં આપણાં છાત્રાલયો, ગુરુકુલો કે વિદ્યાલયોનો કારભાર જશે ત્યારે તેઆ પહેલું કાર્ય ''શ્વેતાંબર મૂર્તિપૂજક'', ''દિગંબર'', ''સ્થાનકવાસી'' કે ''જ્ઞાતિ'' વિગેરે એમ લગાડાનારા સંકુચિત વિશેષણોને એક સપાટે સળગાવી મૂકશે.''

''આપણી ઘણીખરી સંસ્થાઓ જીવદયાના સિદ્ધાંત પર ચલાવાતી હોય તેમ લાગે છે. આપણાં છાત્રાલયો એટલે ખોડાં ઢોરોની પાંજરપોળો કે માંદાઓ માટેની હૉસ્પિટલો, એમ કહીએ તો ચાલે.''

❃

''જો સમાજ કેળવણીની ભૂખને, આર્થિક દષ્ટિએ પહોંચી ન વળતો હોય તો તેણે કેળવણીના ક્ષેત્ર અર્થે બધી સામાજિક મિલકત સંઘની સંમતિથી જ્ઞાનખાતામાં ફેરવી નાંખવી જોઈએ. પછી તે મિલકત દેવદ્રવ્ય હોય કે સાધારણ દ્રવ્ય હોય.''

❃

ગોખણપટ્ટી અને ક્રિયાકાંડ ઉપર વધારે પડતું મહત્ત્વ અપાય છે. જ્યારે સાહિત્ય, સંસ્કૃતિનાં ઈતિહાસ કે ઐતિહાસિક રીતે સમજ, રાષ્ટ્ર, ધર્મ અને સાહિત્યને લગતું તુલનાત્મક જ્ઞાન કદી આપતું જ નથી, આધુનિક વિજ્ઞાનશાસ્ત્ર અને સમાજશાસ્ત્રને ધર્મમાં શું સ્થાન છે, તે પણ ધાર્મિક પંડિતો ભાગ્યે જ સમજાવી શકે છે.''

❃

**તા. ૨-૧૨-૨૯ 'સાંજ વર્તમાન', શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા નં. ૨૧**

**આર્થિક યુગ-મંથન**

''આને કોઈ જડવાદી પ્રવૃત્તિ ગણી તિરસ્કારે, કે અમાર્યદિત આરંભ સમારંભ ગણી નિંદે, તો તેની સામે આપણે જોવાનું નથી. +++ ભૂખે પેટે ધર્મોપદેશની અસર થતી નથી અને તેમ કરવાનો પ્રયત્ન કરવો એ નિર્દય મશ્કરી છે. આ સાથે સંસારના આ જીવનયુદ્ધથી ડરીને કે કંટાળીને હરામખોરીથી સંન્યસ્ત સ્વીકારવો, તે તો સાચો સંન્યાસ નથી, પણ સંસારદ્રોહ છે, બાયલાપણું છે, હરામખોરી છે.''

❃

+++ પણ જૈન સાધુ-સાધ્વીઓએ પણ રાજકીય પ્રશ્નનો અભ્યાસ કરવો પડશે, તેમાં માથું મારવું પડશે અને સક્રિય ભાગ લેવો પડશે.

❃

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકાઃ 'સાંજ વર્તમાન',**

**તા. ૧૦-૧૨-૨૯**

**બળવાખોર બ્હેનોને !**

+++ ''બીજા સમાજની માનસછોળો જૈન ધાર્મિક માનસ પર પડવા લાગી. જે જૈન ધર્મ મનાયો તે વ્યવહારમાં ઊતારવું અશક્ય લાગ્યું. વ્યવહારને નામે ધર્મની ભાવનામાં ભંગાણ સ્વીકારાયું. સ્ત્રી તીર્થંકર – એ અપવાદ મનાયા, સાધ્વી કરતાં સાધુ અને શ્રાવિકા કરતાં શ્રાવક શ્રેષ્ઠ એમ જૈન સમાજની વ્યવહારપ્રિય ધાર્મિક વ્યવસ્થાએ સ્વીકાર્યું. પણ આટલું જ બસ નહોતું. ગમે તેવી મહાન સાધ્વી આખરે તો સ્ત્રી જ ને! તેને પુરુષ કેમ વંદે ? વ્યવહારને નામે ધર્મભાવનાના બલિદાન આમ દેવાયાં.

❁

+++ ''પુરુષત્વ આદેશે પુરુષ શાસ્ત્રકારોને લખો! લખો ઓ શાસ્ત્રકારો! કે, ''ન શોભે સ્ત્રી અને પુરુષધર્મની વ્યવસ્થામાં પણ સમાન આરે, વ્યવહારમાં પ્રાધાન્ય છે પુરુષોનું અને એ જ પ્રાધાન્ય રહેશે, ધર્મમાં પણ પુરુષોનું, સત્તા અને હક્ક એ મિલકત છે, વ્યવહારમાં પુરુષની અને એ રહેશે મિલ્કત ધર્મમાં પણ પુરુષની, જોઈ લઈશું કે હવે તીર્થંકર કેમ બનાય છે તે. લખો લખો કે હવેથી તીર્થંકરત્વ શક્ય નથી સ્ત્રીઓ માટે, ફતવા બહાર પાડો કે સ્ત્રીઓથી તો શું પણ સાધ્વીઓથી પણ અમુક શાસ્ત્ર નહિ વંચાય, વ્યાખ્યાન નહિ વંચાય. પુરુષોને વ્યાખ્યાન વાંચી ધર્મનો ઉપદેશ શું સ્ત્રીઓ આપશે? અશક્ય. એમ હોય તો તે માટે જોઈતી લાયકાત અને અભ્યાસના માર્ગ બંધ કરો. લખો કે એ એમનો ધર્મ નથી. લખો લખો કે એમનો ધર્મ નથી. લખો લખો કે ધર્મ-વ્યવસ્થામાં બધી પદવીઓ ''રીઝર્વ'' થઈ ગઈ છે, સાધુઓ માટે. ધાર્મિક પદવીઓ માટે, તેમને સ્થાન નથી, કારણ કે તેમની લાયકાત નહિ અને તે લાયકાત મેળવવી નહિ, એવું ધર્મનું ફરમાન છે. સાધ્વીઓનું કાર્ય પૂછો છો? તો લખો કે 'તેમણે સાધુઓનાં કપડાં ધોઈ આપવાં, અમે નાના ચેલાઓ ચોરી લાવીએ તે ઉપાશ્રયમાં સંતાડવા, અમારા તાબામાં રહેવું અને અમારી આજ્ઞા ઉઠાવવી. સાધ્વી ગમે તેટલી મહાન હોય તો એક અલ્પ સાધુ તો શું! પણ અલ્પ પુરુષ પણ નહિ વંદે !!!'

❁

તેઓ પરિષદ, મહાસભા કે સભાઓના પ્રમુખ થવા કે મંત્રી થવાને લાયક છે. પણ આપણી જ્ઞાતિ કે સંઘના શેઠ કે સંઘપતિ, પ્રમુખ કે મંત્રીની પદવીને લાયક ગણાતા નથી અને સાધારણ રીતે આમ થઈ શકે, એ વાત સ્ત્રીઓને સૂઝતી પણ નથી. +++ આ સત્તા અને હક્કની વાત થતાં જ પુરુષવર્ગની અને તેમાં પણ રૂઢિ અને સ્થિતિચુસ્ત વર્ગની અસહિષ્ણુતા ભભૂકી ઊઠશે, એવી તેમને સોએ સો ટકા ખાતરી હોવાથી, આ જાતની મહત્ત્વાકાંક્ષા ઉદ્‌ભવતી જ નથી.

❁❁❁

***આ રીતે તેઓ તરફથી જૈન ધર્મને નિંદનારા અનેક લખાણો પ્રગટ થયાં છે અને વળી તે પુસ્તકાકારે બહાર પાડવાનું જાહેરનામું નીકળ્યું છે. સમાજમાં ફેલાવવામાં આવતું આ ઝેર, જતે દિવસ કેવું ભયંકર સ્વરૂપ પકડશે તે જણાવવાની આવશ્યકતા અમારે હોય નહિ. આવાં અધમ કોટીનાં લખાણો બહાર પાડીને મુગ્ધજનોની શ્રદ્ધા ઉપર તેઓ લૂંટ ચલાવી રહ્યા છે, અને તેને વિચાર-સ્વાતંત્ર્યનું ઉપનામ આપી લોકોને તેની જાળમાં ફસાવવા માંગે છે. કોઈપણ જાતના પુરાવા વિના ગીતાર્થોને સ્વાર્થી અને પૂર્વાચાર્યોને ભ્રષ્ટ બુદ્ધિના કહેવાનો, 'ઈતિહાસના અંગારા અને ઈંદ્રજાળીઆ' આવાં આવાં વિશેષણો આપવાનો, તેમને શું અધિકાર છે! એટલું પણ પૂછવા માટે, શું આજે સમાજ તદ્દન નામર્દ બની ગયો છે ? શું જૈન પૂર્વાચાર્યો માટે આટલું પણ માન આજે નથી રહ્યું ? શું જૈનસમાજને તેનાં જિનમંદિરો અને મૂર્તિઓના આરાધનથી કાંઈપણ ફાયદો નથી જણાતો ? શું જૈન સમાજ પોતે હયાત રહીને પણ, તેના હિતને માટે લખાયેલાં શાસ્ત્રોને ઉખેડી નંખાવવા અને ભસ્મીભૂત કરાવવા માંગે છે ? અથવા શું જૈનસમાજ જગતમાં અગ્રપદે બિરાજમાન ત્યાગમાર્ગમાં પોતાના તારક અને ઉદ્ધારક ધર્મગુરુઓનો વહેલામાં વહેલો વિચ્છેદ જોવા માંગે છે ? જો તેમ નથી તો શા માટે આવા ધર્મદ્રોહી લેખકો અને તેને લખાવનારાઓની ખબર નથી લેવાતી ? અમે વર્તમાન જૈન સમાજને પૂછીએ છીએ કે શું તેને આ વીસમી સદીના કહેવાતા પેટભરા-સ્વાર્થી-સ્થાનભ્રષ્ટ લેખકોની કલમો દ્વારા પ્રસરી રહેલ ભયંકર વિષથી પોતાનું તથા પોતાની ભાવિ પ્રજાનું અનિષ્ટ નથી દેખી શકાતું ? તેના પરમ નિઃસ્પૃહી અને અદ્વિતીય પ્રમાણિક પૂર્વાચાર્યો કરતાં આ ભાડૂતી લેખકોની કિંમત શું અધિક આંકે છે ? એમ માનવાને કોઈપણ તૈયાર થાય જ નહિ. અમે આથી અખિલ ભારતવર્ષના તમામ સંઘનાયકોને, આ જાતના વિષનો વધુ ફેલાવો થતો અટકાવવા માટે અને જૈનજાતિમાં ઉત્પન્ન થયેલા આ કુલાંગારોને તેઓના અક્ષમ્ય અપરાધનું યોગ્ય***

શાસન આપવા માટે, અમે ઉદ્‌ઘોષણાપૂર્વક અપીલ કરીએ છીએ. પૂજ્ય સાધુ-સાધ્વીઓએ પણ હવે પોતાના સંયમના નિર્વાહ માટે તેમજ તેમને અનુસરી રહેલ શ્રદ્ધાળુ વર્ગના હિતને માટે, આ સંબંધમાં યોગ્ય પ્રયત્ન કરવાનો સમય આવી લાગ્યો છે એમ અમારું નમ્ર મંતવ્ય છે.

લિ. શાસનસેવકો

| | |
|---|---|
| કેસરીચંદ હીરાચંદ ઝવેરી | લાલભાઈ ચંદુલાલ ઝવેરી |
| શેઠ મણીલાલ કરમચંદ શાહ | શેઠ મોતીલાલ પુંજમલ |
| લલ્લુભાઈ ધનજી શાહ | ચુનીલાલ માવજી શાહ |

**પરિશિષ્ટ-૩**

મુનિપ્રવરશ્રી વિરોધીઓના આંતર સ્વરૂપનું ઉદ્‌ઘાટન કરે છે.

**'જાણકાર'ના તખલ્લુસથી 'જૈન યુવક સંઘ પત્રિકા'એ**

## ફેલાવેલી તદ્દન બનાવટી અફવા

મુંબઈમાં સ્થપાયેલા જૈન યુવક સંઘની ધર્મનાશક પ્રવૃત્તિથી કોઈ અજાણ્યું નથી. તેણે પૂજ્ય મુનિ મહારાજાને નિંદવાની પ્રવૃત્તિઓ કરવામાં આજ સુધી કશી જ કમીના નથી રાખી. પોતાના પરમ ગુરુદેવોની છત્રછાયા નીચે અહીં લાલબાગમાં બિરાજતા મુનિપ્રવર શ્રી રામવિજયજી મહારાજ, કે જેઓ ઉન્માર્ગોનું ઉન્મૂલન કરનારી અને મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરનારી દેશના નિરંતર આપી રહ્યા છે, તેઓને હલકા પાડવા માટે અને તેઓની દેશના અટકાવવા માટે અનેકાનેક પ્રયત્ન કરવા છતાં, નિષ્ફળ નીવડવાથી 'હાર્યો જુગારી બમણું રમે' એ કહેવત અનુસારે એક છેલ્લો દાવ ખેલવામાં આવ્યો છે, અને તે દ્વારા ઈચ્છ્યું છે કે, મુનિપ્રવર શ્રીમદ્ રામવિજયજી મહારાજ કોઈપણ રીતે હલકા પડે અને આપણે આપણું ધાર્યું કરી શકીએ;' પણ તેઓની તે ધારણા આકાશ-કુસુમ મેળવવા જેવી છે. આ છેલ્લા દાવમાં તેઓએ ભયંકર જૂઠનું સેવન કરવા સાથે, મૂર્ખતાનું પણ વિચિત્ર પ્રદર્શન કર્યું છે. તે દર્શાવવા માટે બુધવાર તા. ૨૬-૩-૩૦ના દિવસે વ્યાખ્યાન સમાપ્ત થવા અગાઉ મુનિપ્રવરશ્રીએ જે ખુલાસો કર્યો છે, તે જનતાની જાણ માટે રજૂ કરવામાં આવે છે -

**મુનિપ્રવરશ્રીનો ખુલાસો**

''નિરંતર વ્યાખ્યાનમાં આવતાં તમે જાણો જ છો કે, વર્તમાન રાજદ્વારી હિલચાલના સંબંધમાં, તે હિલચાલમાં પ્રકટ થયેલી આપણને હિતકારી એક-બે બાબતો સિવાય કોઈપણ દિવસ આપણે કશું જ બોલ્યા નથી. વિરોધ કરનારાઓએ આજ સુધી અનેક રીતે વિરોધ કર્યો, પણ તેઓ તદ્દન ઉન્માર્ગે હોવાથી જરા પણ ફાવી શક્યા નથી. એકાંત હિતબુદ્ધિથી કહેવાયેલા એક વાક્યને ઉપાડી, ઠામ ઠામ દોડાદોડ કરી અને વસ્તુસ્થિતિથી અજ્ઞાન લોકોને ભેળાં કરી, ઠરાવો કર્યા અને કાગળના ઘોડે તે ઠરાવોને દોડાવ્યા. પણ તેમાંયે તેઓએ ભયંકર નિષ્ફળતા મેળવી અને પરિણામે એ ચળવળના એક આગેવાનને કબૂલ કરવું પડ્યું કે, 'દારૂ, ઈંડા પ્રકરણની ચર્ચા કોઈ તત્ત્વ ઉપર ઊભી થયેલી નહોતી, તેથી તેને લગતી આખી હિલચાલમાં આપણે પહેલાંથી છેલ્લે સુધી ખાલી આવેશને વશ બનીને ધમાલ કરી છે, એમ કહ્યા વિના નહિ ચાલે અને તેથી જ આપણે આ બાબતમાં જૈનેતર વર્ગમાં ભારે હાંસીપાત્ર બની રહ્યા છીએ, એમ તટસ્થ જોનારને કબૂલ કરવું પડશે. પ્રવચનકાર કે ઉપદેશકારને આવી રીતે ઉપદેશ કરવાનો હક્ક છે. પ્રસ્તુત ચર્ચા નિરર્થક હતી અને અનર્થકારક બની છે' વિગેરે.

આ ઉપરાંત વ્યાખ્યાન બંધ કરાવવા માટે પણ બધે ફરી વળ્યા, પણ તેમાંય પાછા જ પડ્યા. આવી રીતે એ બધી જ બાબતોમાં પાછા પડવાથી હવે તેઓ, એક નવો જ દાવ ખેલી જુએ છે અને કોઈપણ રીતે એ ધૂળ ઉડાડવાનો ફૂટ પ્રયત્ન આદરે છે. એઓએ જોયું કે, અત્યારે સત્યાગ્રહની હિલચાલ જોસભેર ચાલી રહી છે, એટલે તેને માટેના કંઈ અયોગ્ય શબ્દો મહારાજના મુખમાં મૂકીએ, તો આપણી ફાવટ થાય એમ માનીને એક અથડામણ ઊભી કરનારો કિસ્સો ઉપસ્થિત કર્યો છે.

પણ એ કિસ્સો ઊભો કરવાની ઘેલછામાં અને તેની પ્રસિદ્ધિ કરી સાધ્યસિદ્ધિ કરી લેવાના તાનમાં, તેઓ એ પણ ભૂલી ગયા કે, શ્રી જિનેશ્વરદેવના પ્રવચનને પામેલો અને પ્રભુમાર્ગને જાણનારો એવું ગાંડું ન જ બોલે, કે જે ચારની વચ્ચે પુરવાર કરવું પણ ભારે પડે: બિચારા વિરોધ કરનારા સીધો હલ્લો ન લાવી શકે, એટલે બનાવટી વાતો ન નિપજાવે તો બીજું કરે પણ શું?

હું તો રોજ કહું છું કે, દુનિયાની કાર્યવાહી સાથે સાધુઓને કશું જ લાગતુંવળગતું નથી. સાધુ તો સારા સંસારને એટલે કે રાજ્ય, ઋદ્ધિ, સિદ્ધિ અને સાહ્યબી વિગેરે તમામને અસાર માને છે: કેવળ એક મોક્ષને જ વાસ્તવિક રીતે સારભૂત માને છે. શ્રી જિનેશ્વરદેવે એ જ કહ્યું છે અને અમે પણ એ જ માનીએ છીએ. અહીં આવે એને રોજ એ જ

સંભળાવીએ છીએ. દર્શન, જ્ઞાન અને ચારિત્ર સિવાય ચોથી કોઈ વસ્તુની વાત આપણે કરતા નથી: માત્ર એ રત્નત્રયીનું જ મંડન કરીએ છીએ. આથી તો વિરોધીઓ સમજ્યા કે, 'અહીં તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સિવાયની ચોથી વાત જ થતી નથી.' એટલે જ એ લોકોએ નવો દાવ ફેંક્યો અને આ (મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા) પત્રિકામાં 'જાણકાર'ના તખલ્લુસથી જાહેર કર્યું કે, રામવિજયજી કહે છે કે, 'આ લડતમાં ગાંધીને પૈસાની કે માણસની મદદ કરવી તે પાપ છે, કારણ ગાંધી મીઠાની ચોરી કરવા જાય છે, તેથી સાચા શ્રાવકોનો ચોરીમાં કદાપિ કોઈ પ્રકારનો સાથ હોય જ નહિ.'' તેમજ ''ખાદી ન પહેરવાની બાધા આપી રહ્યા છે'' વિગેરે'. આ પ્રમાણેની જાહેરાત કરીને તેઓએ પોતાની જાતને બરાબર ઓળખાવી છે. સત્યાગ્રહની હિલચાલના નાયક પોતે જગતના ચોગાનમાં ખુલ્લું કહીને જાય છે, પોતાને કેમ પકડતા નથી એવી દાંડી પીટી પીટીને જાય છે, એંસી જણ સાથ ન પકડે તે એંસી હજાર સાથે કેમ પકડશે? એમ કહીને આવી ખુલ્લી રીતે જનારને કોઈપણ ચોર કહે ખરો? ખરેખર, આ પત્રિકાના કાઢનારાઓએ બુદ્ધિનો સહેજ પણ ઉપયોગ કર્યા વિના જ આ લખાણ પ્રગટ કર્યું છે. ઈર્ષ્યાથી આવી રીતે પામર આત્માઓ બનાવટી વાતો ઊભી કરે છે. આ બધું કહેવાની આપણને જરૂર નહોતી, પણ આ લોકોએ આપણને ફરજિયાત બોલવાનો પ્રસંગ આપ્યો છે. જે વખતે જે પ્રવૃત્તિ ચાલતી હોય, તેના ઓઠા તળે વિપ્લવ જગાડવાની એઓની દુષ્ટ મનોવૃત્તિ સ્પષ્ટ થાય છે. જૈન યુવક સંઘના સેક્રેટરીઓ, સૉલિસિટર, પ્રોફેસર અને અન્ય ડીગ્રીઓને ધારણ કરનારા છે: એના સભ્યોમાં પણ એલ.એમ. એન્ડ એસ. કે એમ.બી.બી.એસ. વિગેરે ડીગ્રીધરો છે, પરંતુ દુર્ભાવના જાગે ત્યારે વિદ્યાનો દુરુપયોગ કરવાનું જ મન થાય છે, તેનું આ સ્પષ્ટ ઉદાહરણ છે. દુર્ભાવનાને આધીન થયેલો ખોટું બોલતાં કે લખતાં જરાયે અચકાતો નથી. પરંતુ હું કહું છું કે, આથી એમની પ્રતિષ્ઠા ઘટે છે અને ડીગ્રીઓ લાજે છે. જેમના પગલે ચાલવાનો તેઓ દેખાવ કરે છે, એમણે તો કહ્યું છે કે, 'આ લડત શરૂ થયા પછી ભણનાર વિદ્યાર્થી, કૉલેજિયન, વકીલ અને વેપારી જો સ્કૂલ, કૉલેજ, કોર્ટ કે દુકાન ન છોડે તો તે દેશના દ્રોહી છે' હવે વિચાર કરશો તો માલૂમ પડશે કે, દેશના વાસ્તવિક દ્રોહી કોણ છે? જેઓ આજે વાતો કરે છે, તેઓને તપાસો તો વસ્તુતઃ દંભ જ જણાઈ આવશે. દેશની હિલચાલના નાયકો આવાઓને સારી પેઠે ઓળખે છે. દેશનાયકો જે કૉલેજોને પોષવાની પોકારી પોકારીને ના કહે છે, તે કૉલેજોને આ લોકો જ પુષ્ટ કરી રહ્યા છે. હિંસા કરીને પણ ડૉક્ટરી લાઈન ચલાવી રહ્યા છે, એ શું ઓછું શરમભર્યું નથી? જે સમયે રાજકીય પ્રવૃત્તિમાં પણ અહિંસક રહેવાની ઉદ્‌ઘોષણાઓ થાય છે, તે સમયે વિદ્યાભ્યાસમાં પણ હિંસાનું સમર્થન કરનારા આ લોકો જ છે. કોર્ટમાં ગયા વિના એક દિવસ પણ રહી શકતા નથી. રાજ્યનાં ખાતાંઓને એ નિભાવે છે, કારખાનાંઓ ખોલાવે છે અને વળી દેશભક્તિના દાવાઓ પણ એઓ જ કરે છે! દેશહિતથી વિપરીત વર્તન કરનારા આ ડીગ્રીધરો છે કે સાધુઓ છે, તે જગતથી અજાણ્યું નથી. તેમનામાંના કેટલાએ વકીલાત છોડી? કેટલા ઘર છોડી ગયા? કેટલા જેલમાં જવા તૈયાર થયા? હું તો કહું છું કે, દેશની સુલેહ થાય ત્યારે દેશદ્રોહી તરીકેના પ્રથમ ચાંદને લાયક આવાઓ જ ઠરશે. આપણે તો કહી શકીએ તેમ છીએ કે, 'અમે ધર્મક્રિયાઓમાં રક્ત હતા, દર પંદર દિવસે દેશની, દેશનાયકોની, પૂરજનોની અને જગતભરની શાંતિ માટે, 'શાંતિર્ભવતું'ના પાઠથી શાંતિ ઈચ્છતા હતા. દુનિયાભરની શાંતિ માટે અમારી પ્રાર્થના ચાલુ જ હતી.'' એટલે દેશ તથા દુનિયા માટે આપણી પ્રવૃત્તિ તો ઉપકારક છે. યંત્ર, મિલ, કારખાનાં એ બધાને જૈનશાસનમાં પાપ માનેલ છે. જૈનધર્મની દૃષ્ટિએ પંદર કર્માદાન (હિંસક વ્યાપારો)ના આપણે સખ્ત વિરોધી છીએ. વર્તમાનમાં આરંભ-સમારંભને વધારનારું જે શિક્ષણ દુનિયામાં અપાઈ રહ્યું છે, તેની તો જૈન સાધુઓ ના પાડતા જ આવ્યા છે. આજે દેશના નામે વાતો કરનારા એ શિક્ષણ છોડી શકતા નથી, એનું શું કારણ છે?

શું તમને એમ નથી લાગતું કે, આ વાતો કરનારાઓને કાંઈ પણ અમલ નથી કરવો અને માત્ર ધર્મ પ્રત્યે જ વૈર કેળવવું છે? મારી તમને સલાહ છે કે, એવાઓને ઝપાટે ચડી ધર્મને ન ભૂલશો, ધર્મ ભૂલ્યા તો બધું બરબાદ! ધર્મ ભૂલીને દેશની કે કશાની આબાદી કોઈ કરી શક્યું નથી, કરી શકતું નથી અને કરી શકશે પણ નહિ. દેવ-ગુરુ-ધર્મને આઘા મૂક્યા તો બરબાદ થશો અને ગાંડામાં ખપશો. પરમ તારક શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન થાય એવી જ બધી જ પ્રવૃત્તિ કરો અને એ આજ્ઞાનો ઘાત થાય એવી પ્રવૃત્તિઓને છોડી દો! એ પરમ તારકની આજ્ઞાના સેવનમાં ફક્ત સ્વનું જ નહીં પરંતુ સમસ્ત વિશ્વનું કલ્યાણ સમાયેલ છે.''

મુંબઈ
તા. ૧૧-૬-૧૯૩૦

લિ.
શા. હઠીચંદ દીપચંદ
સંપાદક: જૈન પ્રવચન

# અવંતિપતિ શ્રી સમરાદિત્યનું ચરિત્ર

(અપ્રગટ પ્રવચનો)

(અવતરણકાર - સ્વ. પૂ. આ. ભ. **શ્રી જિતમૃગાંક સૂ.મ.**)

સંગ્રહકાર: સુવિશાલગચ્છાધિપતિ સ્વ.પૂ.આ.ભ. **શ્રી હેમભૂષણસૂરિ મહારાજા**

- **બધા કષાયોના કામ જુદાં જુદાં છે. મિથ્યાત્વનું કામ વિવેક નહિ આવવા દેવાનું અને ઊંધા કામ કરાવવાનું છે.**
- **શાસ્ત્ર કહે છે કે - કામ કલ્યાણકારી હોય અને મોહના કારણે વડીલ આજ્ઞા ન આપે તેમ હોય તો વગર આજ્ઞાએ પણ તે કામ કરવું જોઈએ.**
- **આપણા ગુણ બીજા બોલે તે જુદી વાત પણ પોતે પોતાના ગુણ ગાવા મંડી જાય, અગર બીજો ગાતો હોય તેમાં જરા ઉત્કર્ષ આવી જાય તો સમજવું કે ગબડ્યા.**

## (૧૧૭)

**શ્રી સમરાદિત્ય કેવલી ચરિત્ર**માં સાતમા ભવમાં **શ્રી સમરાદિત્ય**નો જીવ **ષેણકુમાર** અને **અગ્નિશર્મા**નો જીવ **વિષેણકુમાર** એમ કાકા બાપાના પુત્રો પિતરાઈ ભાઈ થયા છે. તેમાં આપણે જોઈ ગયા કે **ષેણ**નો ઉદય-સંપત્તિ-પ્રશંસા **વિષેણથી** સહન થતા નથી. **ષેણ**ને મારી નાંખવા માટે મારાઓ રાખ્યા પણ તેનાથી કામ થયું નહિ તેથી હવે પોતે જાતે જ મારી નાંખવાના નિર્ણય પણ આવ્યો છે.

એક દિવસ પોતાની સ્ત્રી **શાંતિમતી** સાથે **ષેણકુમાર** ઉદ્યાનમાં રહેલો છે. સૂર્યાસ્તની તૈયારી છે. તે સમયે કષાયના આવેશમાં પરિણામનો વિચાર કર્યા વિના **ષેણ**ને મારવા માટે ગયો. કષાયના જોરમાં માણસની બુદ્ધિ બહેર મારી જાય છે. આથી તેને વિચાર જ ન આવ્યો કે - હું મારવા તો જાઉં છું પણ કદાચ ન મારી શક્યો અને તે બચી ગયો તો હું તો ખુલ્લો પડી જઈશ. તો તે વખતે મારી હાલત શી થશે? પણ કષાયના ઉદય વખતે બુદ્ધિ ચાલતી નથી. મિથ્યાત્વનું કામ વિવેક નહિ આવવા દેવાનું અને ઊંધા કામ કરાવવાનું છે. બધા કષાયોના કામ જુદાં જુદાં છે. આમાં તો બધા કષાયો અત્યારે ભેગાં છે. તમારામાં અત્યારે કયા કયા કષાયો કામ કરી રહ્યા છે તેનો સાથે સાથે વિચાર કરજો. લોભનો ઉદય થયો, પ્રયત્ન કર્યો, પાંચ લાખ મળી ગયા, પણ જો વિવેક હોય તો પછીથી તો ખ્યાલ આવવો જોઈએ કે - આટલા બધા શું કરવા છે? ફોગટ 'લોભ થઈ ગયો. પાપ કર્યું.' - પણ આવા વિચાર નહિ આવતાં ઉલટો લોભ વધે છે પછી ભયંકર માયા સેવે છે. અભિમાન જોર કરે છે અને એવું કાંઈ કારણ આવી જાય તો ગુસ્સો પણ ભયંકર આવી જાય છે. એટલે કાંઈ ન બોલવાનું બોલી નાંખે છે. આમ ચારે કષાયો ઉગ્ર કોટિના થઈ જાય છે, ત્યાં હવે આપણે શું સમજવું?

**વિષેણ**ને એવો કષાયનો ઉદય થઈ ગયો કે પરિણામ સુધી પહોંચી શક્યો નથી. આજે પણ તમે જો દરેક કામ કરતાં પરિણામ સુધીનો વિચાર કરો તો ઘણો બચાવ થઈ જાય. સારા વિચારમાં અંતરાય કોણ કરે? ક્રોધાદિ અને ઊંધા વિચાર કરાવે મિથ્યાત્વ. પોતાના બળનો અને **ષેણ**ના બળનો વિચાર જ ન કર્યો. ઉદ્યાનમાં પેસતાં પ્રતિહારી પણ આ ભાઈ છે તેને કેમ રોકી શકે? તેથી સીધો જ પેસી ગયો. પતિ-પત્ની આનંદથી બેઠાં હતાં. આને જોઈને તક મળ્યાનો આનંદ થયો. **ષેણ**નું ધ્યાન ન હતું પણ **શાંતિમતીએ** એને તલવાર ખેંચતા જોયો એટલે તરત કહ્યું કે - **આર્યપુત્ર!** રક્ષણ કરો! જોયું તો **વિષેણ** ખુલ્લી તલવારે સામે આવી રહ્યો છે. **ષેણ** ચેતી ગયો. **વિષેણે** દૂરથી જ

ખુલ્લી તલવારનો ઘા કર્યો. **ષેણ** હોંશિયાર છે. પેલાનો ઘા ચૂકાવી દીધો. પેલાએ બીજું હથિયાર ફેંક્યું. તે પણ ચૂકાવી દીધું. પછી તરત જ એને પકડી લીધો. **વિષેણનું** જોર ચાલી શક્યું નહિ. પૂછ્યું કે શું છે? બોલી શક્યો નહિ. થોડીવાર થઈ એટલે હવે કાંઈ થઈ શકશે નહિ એમ વિચારીને ચાલ્યો ગયો. એ ગયા પછી **શાન્તિમતીએ ષેણને** પૂછ્યું કે **આર્યપુત્ર!** આ શું છે? **ષેણ** કહે, મને પણ ખબર નથી. પણ એ કુમાર છે. કોઈએ એને ભરમાવ્યો લાગે છે કે આ હશે ત્યાં સુધી તને રાજ્ય નહિ મળે એટલે સંભવિત છે કે તેને આ વિચાર આવ્યો હોય. **શાંતિમતીને** તો પતિ કહે તે પ્રમાણ એટલે તરત જ **ષેણકુમાર**ની આ વાત માની લીધી. પણ **ષેણકુમારને** મનમાં ચિંતા થઈ ગઈ કે આ બનાવ કાકા જો  જાણી જશે તો તેમના હૃદયમાં તો આ વાત બેઠી જ છે કે **વિષેણકુમાર** બૂરા આશયવાળો તો છે જ. એટલે તેઓ એને જરૂર શિક્ષા કરશે. અને એમ થાય તો **વિષેણ**ને અશાંતિ થશે. તો હવે શું કરવું?

**ષેણ** પત્નીને કહે છે કે આપણે હવે અહીંથી દૂર ચાલ્યા જવાનું છે. આ વાત (**વિષેણની**) કોઈને કરવાની નથી. **શાંતિમતી** કહે છે કે - પણ કાકા જવા દેશે તો ને? તેઓ આજ્ઞા કેમ આપશે? **ષેણ** કહે તું તો બહુ પંડિતા છે. એવો પણ સમય આવે કે જ્યારે મોહવશ કાકાને પૂછવાનું ન પણ હોય. દરેક વાતમાં આજ્ઞા લેવા જવું જ એવું ન પણ હોય.

દીક્ષાર્થીઓ માટે પણ આ જ વાત છે. શાસ્ત્ર કહે છે કે - કામ કલ્યાણકારી કરવાનું હોય અને મોહના કારણે કદાપિ વડીલ આજ્ઞા ન આપે તેમ હોય તો વગર આજ્ઞાએ પણ તે કામ કરવાનું કહ્યું છે. **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ** આ વિષયમાં એક કથા લખી છે:- મા, બાપ, પુત્ર સૌ સાથે તીર્થયાત્રાએ નીકળ્યા છે. વચમાં ભયંકર અટવી આવી. મા બાપ બિમાર પડ્યા. એવા બિમાર થયા. કે બેસવા-ઉઠવાની તાકાત ન રહી. ત્યારે છોકરો વિચારે છે કે આમની તો ચાલવાની તાકાત નથી તો હું હવે નજીકના ગામમાં જઈ ઔષધ તથા ખાનપાન લઈ આવી આમને બેઠા કરૂં તો પછી બધા આગળ વધી શકીશું. તેથી તે મુજબ જવા માટે મા બાપની આજ્ઞા માગે છે. ત્યારે મા બાપ મોહવશ એને જવાની ના પાડે છે. કહે છે કે - 'દીકરા! અમને તો તારૂં મોઢું જોઈને જ આનંદ આવે છે માટે તારે ક્યાંઈ જવાનું નથી.' પુત્ર કહે છે કે 'પિતાજી! જો હું ન જાઉં તો બધા મોત ભેગા થઈશું. હું જઈશ તો ખાનપાન કરવાથી હું પણ બચીશ અને તમને પણ ઔષધ તથા ખાનપાન કરાવી બેઠા કરીશ. પછી બધા સાથે યોગ્ય સ્થળે પહોંચી જઈશું.' મા બાપ આ વાત સમજતા નથી તો બોલો? હવે પુત્ર શું કરે? મા બાપ 'ના' કહે છતાં આજ્ઞા લીધા વિના પણ ઔષધાદિ લેવા જાય કે નહિ? કે મા બાપનું મોઢું જોઈ ત્યાં જ બેઠો રહે? કહોકે આજ્ઞા વિના પણ જાય અને ઔષધ-ખાનપાન લઈ આવે. તો જ બધાને જીવાડે નહિ તો બધાય ત્યાં રહ્યા રહ્યા ભૂખ્યા મરી જાય. આવા સમયે આજ્ઞાનું પૂંછડું પકડી રાખે તો તે **ગદ્ધાપૂચ્છ** પકડી રાખવા જેવું થાય, જે કોઈ રીતે યોગ્ય ન ગણાય.

અહીં પણ એવું જ બન્યું છે. કાકા તો આજ્ઞા નહિ આપે પણ બધાના કલ્યાણ માટે આજ્ઞા વિના પણ ચાલ્યા જવું એ જ ઠીક છે. પૈસા માટે ઘરમાં ભાઈ-ભાઈમાં ઝગડા થયા કરતા હોય તો ડાહ્યો માણસ શું કરે? મૂકીને ચાલ્યો જાય. જેનામાં ધર્મ આવે તેનો સંસાર પણ સારો થઈ જાય. અહીં રહેવામાં ભાઈ ઉપર આપત્તિ આવે, માતાને દુઃખ થાય. આ બધું શા માટે થવા દેવું? માટે ચાલ્યા જવું એજ યોગ્ય છે. નક્કી કરી લીધું. થોડી રાત્રી ગયા પછી બંને ઊઠ્યા. રાત્રીમાં ભળી જવાય તેવાં કપડાં પહેરી નીકળી ગયા. પણ પાછો **ષેણને** વિચાર આવ્યો કે - સમય બહુ ખરાબ છે. હું એકલો હોત તો વાંધો નહિ પણ **શાંતિમતિને** તકલીફ બહુ પડશે. આથી કહે છે કે **'સુંદરી!** દેશાંતર લાંબો છે. ક્યાં જવું નિશ્ચિત નથી. કર્મ-પરિણતિ વિચિત્ર છે. કોણ ક્યાં મળશે તે ખબર નથી. આપત્તિ ક્યાં કઈ ન આવે તે કહેવાય નહિ. કુમાર ઉપર મારો ભાવ એ છે કે તેને આપત્તિ ન આવે તો સારૂં. માટે અહીં રહેવાનું મને મન નથી થતું. જવામાં તને તકલીફ પડશે એ મને ખટકે છે. માટે શું

કરવું ?' **શાંતિમતી** કહે છે, **'આર્યપુત્ર!** ચિત્તની નિવૃત્તિ થાય એજ ઈષ્ટ છે. આપની સાથે રહેતા મને ગમે તેટલી તકલીફ આવે તેની મને કાંઈ ચિંતા નથી.' આ જવાબથી **બેણને** ઘણી શાંતિ થઈ. બંન્ને ચાલ્યા. પરિવાર ઊંઘતો હતો. કાકા આદિ પર પ્રેમ કેટલો બધો છે ? પરંતુ કોઈ જીવ ઉપર આપત્તિ આવે તે ઈષ્ટ નથી. માટે રાજ્યનો લોભ આદિ બધું છોડીને નીકળી જાય છે.

તમે નક્કી કરો કે તમારા રહેવાથી કોઈને આપત્તિ થતી હોય તો નીકળી જવું, તો મને લાગે છે કે સાધુઓ ઘણાં વધી જાય. પણ તમને તો બોજો ઉઠાવીને ફરવાનો સ્વભાવ પડી ગયો છે. જનાવરમાં ગદ્ધાને નિવૃત્તિ મળે તો તે રાજી થાય પણ તમને મજૂરીમાંથી નિવૃત્તિ મળે તો નારાજ થાવ. આટલો મજૂરી કરવાનો સ્વભાવ આવ્યા વિના પરલોક બગડવાનો હોય તે ન બગડે શી રીતે ? મનુષ્યભવ નિષ્ફળ જાય અને ગતિ બગડે પણ તમને આ વાત બેસે તો ને ?

બેય જણા ચાલ્યા. ચાલતા ચાલતા **ચંપા** નામના સંનિવેશ સુધી પહોંચી ગયા. એક જગાએ નિકુંજમાં જઈને આરામ કરવા બેઠા. એ વખતે એક સાર્થ તામ્રલિપ્તી જવા નીકળ્યો છે તેનો પડાવ સંનિવેશની બીજી બાજુ હતો.

સાર્થવાહપુત્ર નિકુંજની બાજુમાં સરોવર હતું ત્યાં હાથમોં ધોવા આવ્યો છે. તે એટલામાં ફરતો ફરતો આ બે બેઠા છે ત્યાં આવી ચડ્યો. કુમાર-કુમારી બંનેને જોઈને ઓળખી લીધા. વિચારે છે કે આ રાજકુમાર અહીં ક્યાંથી ? અને સાથે પરિવારમાં એક માત્ર રાજકુમારી ? આમ કેમ બને ? આવા મહાપુરુષો આવી સ્થિતિમાં કેમ ? આથી આવીને પ્રણામ કરી કહે છે કે - આપ ગુસ્સો ન કરશો. રાજપુત્રીને હું ઓળખું છું. તેમના પિતાના નગરનો હું રહેવાસી સાર્થવાહ પુત્ર છું. આપ જ્યારે ત્યાં પરણવા આવ્યા ત્યારે આપને પણ મેં જોયા છે. આપના દર્શનથી મને બહુ આનંદ થયો પણ સાથે આ રીતે જોવાથી ખેદ પણ થયો છે. આપ આ રીતે એકલા કેમ ? કુમાર કહે એ બધું અવસરે કહીશ. પણ તું તામ્રલિપ્તિ જાય છે તો અમારે પણ ત્યાં જ આવવું છે. સાર્થવાહપુત્ર કહે, પધારો ! આપના સહવાસનો અમને પણ લાભ મળશે. કુમાર કહે, તું અત્યારે જા. અમે આજે જ નીકળ્યા છીએ. કાકા તરફથી માણસો શોધવા નીકળ્યા હશે ! તે આવી ગયા પછી શું બને છે તે જાણી આગળની વાત. સાર્થપુત્ર કહે છે, આપ એવી આજ્ઞા ન કરો. સાર્થ અહીં જ સ્થિરતા કરશે. આપનું કાર્ય પત્યા પછી આપ ફરમાવશો ત્યારે જ આગળ જઈશું.

તેના બહુ આગ્રહથી કુમારે વાત કબૂલ રાખી. સાર્થવાહપુત્ર સાર્થમાં ગયો. રાજાના ઘોડેસ્વારો આવ્યા. સાર્થમાં કોઈને પૂછ્યું કે - આવા આવા માણસો જોયા ? પેલા કહે 'ના'. ત્યારે આવેલા બેમાંથી એક કહ્યું કે - જોયું ? હું નહોતો કહેતો કે કુમાર આ બાજુ જાય નહિ. એ નક્કી **રાજપુર** તરફ જ ગયા હશે ! એમ બોલી તે લોકો પાછા ફરી ગયા. સાર્થવાહપુત્ર વિશ્વાસુ માણસ સાથે ખાન-પાનની સામગ્રી લઈ તેમની પાસે ગયો. સ્વાગત કરીને પછી વાત કરી કે - 'આમ બન્યું છે. હવે આપની આપત્તિ ટળી ગઈ છે માટે હવે અમારી સાથે પધારો. રાજકુમારી માટે અલગ મેનાનો બંદોબસ્ત થઈ જશે'. આમ કહી બંનેને આગ્રહપૂર્વક સાથે લઈ જાય છે. તેમની ઈચ્છા મુજબ બધું કરવાનું બરાબર લક્ષ્ય રાખે છે. આ રીતે સાથે ગયા પછી આગળ શું થાય છે તે હવે પછી અવસરે -

(ક્રમશઃ)

Shri Prabhavak Jinvani (Gujarati-monthly), Publisher : Shri Jinvani Pracharak Trust, 59, Bank of India Bldg., 2nd Floor, 185, Sheikh Memon Street, Mumbai-400 002. Editor : Shah Dilip Hargovinddas (Gheewala), printed at M/s. Meghart Color Crafts, 42, Ideal Ind. Estate, Mathuradas Mills Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400 013. The owner and the trust do not have any tie up/collaboration with any foreign organization.